Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષ ૧૩ : અંક ૧૦] અમદાવાદ : તા. ૧૫-૭-૪૮ [ક્રમાંક : ૧૫૪

વિષય-દર્શન

વિજ્ઞપ્તિ : ટાઈટલ પાનું-૨

૧ ધર્મોદા નાણાંની સમસ્યા : સંપાદકીય : ૨૧૭

૨ મુંબઈ સરકારે ધર્મોદા પબ્લિક ટ્રસ્ટોની તપાસ અર્થે નીમેલા શ્રી. ટેન્કુલકર કમીશન સમક્ષ તા. ૨૨-૪-૪૮ ના રોજ શેઠ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ આપેલી જુબાની : ૨૧૯

૩ ટેન્કુલ કમિટીની કામગિરિ અંગે જૈન સંઘોના ઠરાવો : ૨૩૭

(૧) અમદાવાદના જૈન સંઘે કરેલા ઠરાવો.
(૨) મુંબઈના જૈનોની જાહેર સભાના ઠરાવો.
(૩) ભાવનગરના જૈનોએ કરેલા ઠરાવો.
(૪) જૂનાગઢના જૈનોએ કરેલા ઠરાવો.
(૫) આમોદના જૈનોએ કરેલા ઠરાવો.
(૬) મ્હેસાણાના જૈનોએ કરેલા ઠરાવો.

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજ્ઞપ્તિ

છાપકામ અને કાગળની દિવસે દિવસે વધતી જતી કારમી મોંઘવારીના સમયમાં પણ "જૈન સત્ય પ્રકાશ" માસિક ગ્રાહકોને માત્ર બે રૂપિયા જેટલા નજીવા લવાજમમાં અને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને વગર લવાજમે આપવાનું અમે ચાલુ રાખ્યું છે, અને ભવિષ્યમાં પણ એ મુજબ જ અમે એ ચાલુ રાખવા માગીએ છીએ. આ રીતે માસિક અમે આપી શકયા છીએ એનું મુખ્ય કારણ શ્રીસંઘ તરફથી અમને સમયે સમયે મળતી રહેલી ઉદાર મદદ છે; આવી મદદ ન મળે તો આ રીતે માસિક આપી શકાય જ નહીં.

અત્યારે છેલ્લે છેલ્લે વધેલી મોંઘવારીના કારણે અમારે થોડીક નાણાંભીડ ભોગવવી પડે છે; અને તેથી સમસ્ત શ્રીસંઘ સમક્ષ અમે અમારી એ વાત રજુ કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે અત્યાર સુધીની જેમ આ વખતે પણ શ્રી સંઘ અમારી માંગણી જરૂર પૂરી કરશે.

ચાતુર્માસના ધાર્મિક પર્વોના દિવસો આવે છે. તે વખતે આ માસિકને અને સમિતિને દરેક પ્રસંગે યાદ રાખવા અમે દરેક ગામના જૈન સંઘને તેમજ તે તે ગામમાં બિરાજતા મુનિવરોને વિનંતિ કરીએ છીએ.

વ્ય૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ૐ અર્હમ્ ॥
અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિસમ્મેલન સંસ્થાપિત
શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિનું માસિક મુખપત્ર

શ્રી જૈન સત્ય પ્રકાશ

જેશિંગભાઈકી વાડી : ઘીકાંટા રોડ : અમદાવાદ (ગુજરાત)

વર્ષ ૧૩	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	ક્રમાંક
અંક ૧૦	અષાડ શુદિ ૧૦ : ગુરૂવાર : ૧૫મી જુલાઈ	૧૫૪

ધર્મદા નાણાંની સમસ્યા

[સમ્પાદકીય]

આજકાલ ધર્મદા નાણાં અંગે ઠેર ઠેર જાગેલો ઊહાપોહ ચિંતાજનક થઈ પડ્યો છે; અને તે તે ધર્મદા નાણાંના સંરક્ષકો અને વ્યવસ્થાપકોને માથે તે તે નાણાંની સુરક્ષિતતા જાળવી રાખવાનું અને મૂળ માર્ગ મૂકીને અવળે માર્ગે દોરવાઈ જતા જનતાના માનસને સ્થિર રાખવાનું ભારે જવાબદારીભર્યું કામ આવી પડ્યું છે.

ધર્મદા નાણાની ઉત્પત્તિ માનવીની સમર્પણની ઉમદા વૃત્તિમાંથી થઈ છે એટલી વાત જો આપણા ખ્યાલમાં રાખીએ તો ધર્મદા નાણાં અંગેની—એની વ્યવસ્થા કે ઉપયોગ અથવા તો માલિકી વગેરે અંગે—વિશેષ માથાકૂટમાં પડવાપણું રહેતું જ નથી. તે તે નિમિત્તને અનુલક્ષીને સમર્પણ કરેલા દ્રવ્યનો ઉપયોગ કરવાનો તેમજ તેનું યોગ્ય સંરક્ષણ કરવાનો માર્ગ એટલો સુનિશ્ચિત કરી રાખેલો છે કે એ માટે વધુ મથામણમાં પડવાની જરૂર ઊભી થતી જ નથી.

સંભવ છે આમાં જૈનેતર સમ્પદાયોમાં કંઈક કહેવાપણું કે સુધારવાપણું હોય; પણ જૈન સંઘે તો આ નાણાંઓ અંગે એવા આકરા નિયમો ધર્મજ્ઞા મુજબ સ્વેચ્છાએ જ સ્વીકારી લીધા છે કે એની શુદ્ધાશુદ્ધિ માટે શંકાકરવાપણું રહેતું જ નથી, અને આનું મુખ્ય કારણ એ છે કે આપણા દીર્ઘદ્રષ્ટિવાળા આપ્ત પુરુષોએ આ ધર્મદા નાણાંની આસપાસ નૈતિકતાની અને ધાર્મિકતાની એવી મજબૂત વાડ બાંધી દીધી છે કે સેંકડો વર્ષો વીતી જવા છતાં ધાર્મિક નાણાંની શુદ્ધિની સુવ્યવસ્થા અવિચ્છિન્નપણે આજ લગી જળવાઈ રહી છે. આપણાં દેવમંદિરો અને આપણાં બીજાં ધર્મસ્થાનો આજે પણ ઉજળાં, સફાઈ ભર્યાં તેમજ મનને શાંતિ આપે એવાં જળવાઈ રહ્યાં હોય તો તેનું મુખ્ય કારણ આપણા શાસ્ત્રકારોએ આપણને પગે પગે સમજાવેલી આ દ્રવ્યશુદ્ધિ જ છે.

તે તે ખાતામાં ભેગાં થયેલાં કે થતાં આ ધર્મદા નાણાંના વપરાશના ક્ષેત્રની મર્યાદા સેંકડો વર્ષોથી જૈન સંઘના જીવનમાં એટલી બધી સ્પષ્ટ રીતે અંકિત થયેલી છે કે એ માટે શાસ્ત્રોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આધરો શોધવા પડે એવી શંકા જ ઊઠવા પામતી નથી. આપણો રોજ-બ-રોજનો ક્ષણેક્ષણનો વ્યવહાર આપણને સ્પષ્ટ માર્ગનું નિશ્ચિત દર્શન કરાવતો હોય ત્યાં શંકા-કુશંકામાં પડવાને અવકાશ ક્યાં રહે! ધાર્મિક બાબતો અંગે આવી સુનિશ્ચિત દૃષ્ટિ જૈન સંઘના રોજિંદા વ્યવહારમાં વણાઇ ગઇ છે તેનું મૂળ આપણાં ધર્મશાસ્ત્રોમાં રોપાયેલું છે.

આમ છતાં આજે એવા કેટલાક પ્રસંગો આવી પડે છે કે જ્યારે આપણી આવી સુદૃઢ અને સુનિશ્ચિત માન્યતાને પણ, એ ડગમગી ન જાય એટલા ખાતર, આપણે ચુસ્તપણે જાળવી રાખવા પ્રાણપૂર્ણ પ્રયત્ન કરવો પડે છે.

મુંબઇ પ્રાંતમાંનાં ધાર્મિક ટ્રસ્ટોની તપાસ માટે મુંબઈ સરકારે ન્યાયમૂર્તિ ટેન્ડુલકરના અધ્યક્ષપણા નીચે સાત સદ્‌ગૃહસ્થોની એક તપાસ કમીટી નીમી હતી, અને આ કમિટીએ જુદી જુદી હિન્દુ તેમજ જૈન આગેવાન વ્યક્તિઓની જુબાની લઈને પોતાનું કામ પૂરું કરીને પોતાને થયેલ અનુભવના પ્રકાશમાં પોતાની ભલામણોનો અહેવાલ સરકાર સમક્ષ પેશ કરી દીધો છે.

આ સમિતિ સમક્ષ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને દેશના આગેવાન ઉદ્યોગપતિ શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇએ જૈન સંઘનું દૃષ્ટિબિંદુ રજુ કરતી જે જુબાની આપી છે તેને ઠેરઠેરથી ખૂબ જ આવકાર મળ્યો છે; અને અમદાવાદ મુંબઇના તેમજ બીજા જૈન સંઘોએ આ જુબાનીને જૈન સંઘના પ્રતિનિધિરૂપે સ્વીકાર કરવાનો ઠરાવ કરીને એ જુબાની ઉપર જૈન સંઘની માન્યતાની મહોર છાપી મારી દીધી છે. શેઠ શ્રી. કસ્તુરભાઇએ જે મક્કમતા અને સ્પષ્ટતાપૂર્વક જૈન સંઘનું દૃષ્ટિબિંદુ રજુ કર્યું છે તે બદલ અમે તેમને અભિનંદન આપીએ છીએ. એમણે આપેલી જુબાની જૈન સંઘની મૂલ્યવાન સંપત્તિરૂપ છે એમ અમને લાગે છે; અને તેથી એ આખી અંગ્રેજી જુબાનીનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તૈયાર કરાવેલ ગુજરાતી અનુવાદ આ અંકમાં પ્રગટ કરીએ છીએ. આ જુબાનીના ગુજરાતી અનુવાદની નકલ પૂરી પાડવા બાટે અમે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો આભાર માનીએ છીએ.

મુંબઇ સરકારને અમે એટલું જ કહેવા માગીએ છીએ કે ધર્માદા નાણાંના સંરક્ષણ માટે ટ્રસ્ટી ધારો અને ધર્માદા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ધારો—આ બે ધારાનો જો બરાબર અમલ કરવામાં આવે તો આ માટે બીજા કોઈ પણ નવા ધારાની જરૂર જ ઊભી થતી નથી. મહત્ત્વનો સવાલ ધારો ઘડવાનો નહીં પણ ધારાનો યોગ્ય રીતે અમલ કરવાનો છે એ તરફ અમે સૌનું ધ્યાન દોરીએ છીએ, અને બિનજરૂરી નવા નવા ધારાઓ ઘડવાની માથાકૂટમાંથી ઊગરી જવાનું સૂચવીએ છીએ.

શેઠ શ્રી. કસ્તુરભાઇએ પોતાની જુબાની આપીને જૈન સંઘની વાત યોગ્ય રીતે રજુ કરી છે એટલા પૂરતું આપણું એક કામ પાર પાડ્યું ગણાય. પણ ખરેખરું કામ તો ટેન્ડુલકર સમિતિની ભલામણોનો અહેવાલ બહાર પડે તે વખતે કરવાનું છે એ રખે આપણે ભૂલીએ. તે વખતે પણ આપણે જાગૃત રહીએ અને આપણા સંઘને યોગ્ય દોરવણી આપી આપણા ધર્માદા નાણાંનું જતન કરીએ!

અસ્તુ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુંબઈ સરકારે ધર્માદા પબ્લિક ટ્રસ્ટોની તપાસ અર્થે નીમેલા શ્રી ટેન્ડુલકર કમીશન સમક્ષ તા. ૨૨—૪—૪૮ ના રોજ

શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની

પ્રશ્નકાર : કમીટિના પ્રમુખ ટેન્ડુલકર.

પ્ર. ટે : આપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય ટ્રસ્ટી છો ?

ક. લા : હા.

પ્ર. ટે : તમારા અંધારણ પરથી અમને માલૂમ પડે છે કે જુદા જુદા સ્થળના સંઘો પ્રતિનિધિઓ ચૂંટે છે, અને આ પ્રતિનિધિઓ મેનેજીંગ કમીટીની ચૂંટણી કરે છે.

ક. લા : પદ્ધતિ એવી છે કે જુદા જુદા સ્થળના સંઘો પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. જેઓ જરૂર મુજબ વરસમાં એક કે બે વાર મળે છે. મેનેજીંગ ટ્રસ્ટીઓનું મંડળ અમદાવાદનું જ હોય છે અને જ્યારે તેમાંથી કોઇની જગ્યા ખાલી પડે છે ત્યારે બાકીના ટ્રસ્ટીઓ પોતાની અંદરથી ખાલી પડેલી જગ્યાની પુરવણી કરે છે અને જુદાં જુદાં સ્થળોએથી ચુંટાયેલા ૧૦૮ પ્રતિનિધિઓની તે સંબંધમાં અનુમતિ મેળવવામાં આવે છે.

પ્ર. ટે : સંઘમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

ક. લા : જૈનો જે રીતે સંઘ શબ્દનો અર્થ સમજે છે તે રીતે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર વર્ગનો સમાવેશ થાય છે, પણ સાધારણ રીતે અમુક સ્થળે રહેતા જૈનો એટલે સંઘ એમ સમજવામાં આવે છે.

પ્ર. ટે : આણંદજી કલ્યાણજીની પેઢી પાસે આજે કેટલી મૂડી હશે ?

ક. લા : લગભગ ૬૦ લાખ રૂપિયા.

પ્ર. ટે : ધાર્મિક નિમિત્ત સિવાય આ નાણામાંથી કોઈ સામાજિક હેતુ માટે કયારે પણ રકમ વાપરવામાં આવે છે ખરી ?

ક. લા : ના.

પ્ર. ટે : આ પેઢી તેમજ અન્ય જૈન સંસ્થાઓ તરફથી મળેલા જવાબો ઉપરથી મને માલૂમ પડે છે કે દેવદ્રવ્ય સામાજિક ઉપયોગ માટે વાપરી ન શકાય, એવી જૈનધર્મની આજ્ઞા છે.

ક. લા : હા જી એમ જ છે.

પ્ર. ટે : આવો શાસ્ત્રીય ઉલ્લેખ કયાં છે તે મને કહી શકશો ? કોઈ આગમોમાં આવો ઉલ્લેખ છે ખરો ?

ક. લા : આની બાબતમાં હું એક અલ્પજ્ઞ શ્રાવક છું. પણ આ બાબતમાં જે સાધુઓ પ્રમાણભૂત ગણાય છે અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે શાસ્ત્રીય ઉલ્લેખો રજૂ કરી શકે એમ છે એવા સાધુઓ પાસેથી આને લગતાં પ્રમાણો હું મેળવી આપી શકીશ.

પ્ર. ટે : આપ આવાં પ્રમાણ મેળવી આપી શકશો તો હું બહુ રાજી થઈશ. મને આવાં પ્રમાણોની ખાસ અપેક્ષા છે, કારણ કે જૈનોના ધાર્મિક ખાતાનાં નાણાં સામાજિક કાર્યોમાં વાપરી ન જ શકાય એમ માનવાને કશું જ કારણ નથી, એવી બજારી પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જુબાનીઓ આવી છે. દેવદ્રવ્યનો આવો ઉપયોગ વ્યાજબી છે કે નહિ એ બાબતમાં અમારે છેવટના નિર્ણય પર આવવું જોઇએ. આ સંબંધમાં નિર્ણય લેતાં અમારે પૂરી સંભાળ લેવી જ રહી.

ક. લા : સમાજના અમુક વર્ગના વિચારો સાંભળીને આપ દોરવાઈ નહિ જાઓ એ બાબતની મને ખાતરી છે.

પ્ર. ટે : દેવદ્રવ્યનો સામાજિક કાર્યો માટે લેશ માત્ર ઉપયોગ થઈ ન શકે એમ આપ કહેવા માંગો છો, એમ હું સમજું છું.

ક. લા : બરોબર એમ જ.

પ્ર. ટે : આણંદજી કલ્યાણજીની પેઢીનાં નાણાં બાનગી પેઢીઓમાં રોકવામાં આવે છે ?

ક. લા : છેલ્લાં પચાસ–સાઠ વર્ષથી કોઈ પણ બાનગી પેઢીમાં રોકવામાં આવ્યાં નથી.

પ્ર. ટે : બીજી જૈન ચેરીટીઓ સંબંધમાં આમ હોય એમ કમનશીબે માલુમ પડતું નથી.

ક. લા : મને લાગે છે કે આપને મળેલી માહીતી મોટાં ટ્રસ્ટો પુરતી બરોબર નથી, તેઓ કાં તો સ્થાવર મિલ્કતોમાં અથવા તો વ્યાજ મળે એવા સરકારી કાગળિયાઓમાં નાણાં રોકે છે, બાનગી પેઢીમાં પૈસા રોકતા હોય એવાં કેટલાં ટ્રસ્ટો છે તેની મને ખબર નથી.

પ્ર. ટે: કેટલીક જૈન ચેરીટીઓના વ્યવસ્થાપકો તરફથી મળેલા જવાબો આપના અભિપ્રાય સાથે મળતા થતા નથી. ઘણી પેઢીઓએ કબૂલ કર્યું છે કે તેઓએ પોતાની હસ્તકનાં નાણાં બાનગી પેઢીઓમાં રોકેલાં છે અને તેના બચાવમાં તેઓ જણાવે છે કે–તેમને વ્યાજના આકારમાં તેવા રોકાણનો સારો બદલો મળે છે, જે ટ્રસ્ટના ખરચોને પહોંચી વળવા માટે જરૂરનો હોય છે. અને બાનગી પેઢીઓમાં આવી રીતે નાણાં રોકવાનું જોખમ બહુ થોડું હોય છે અને તે સામે જે બદલો મળે છે, એ જોતાં એટલું જોખમ ખેડવું એ તેમને યોગ્ય લાગે છે. જો આપ કહો છો તેમ આ મુજબની ચાલુ રીતરસમ ન હોય તો તે સાંભળીને મને આનંદ થાય છે.

ક. લા. હું નમ્રપણે રજુ કરું છું કે જૈન ચેરટીઓની કુલ રકમ કેટલી છે અને બાનગી પેઢીઓમાં આમાંનો કેટલો ભાગ રોકવામાં આવે છે, તેની આપ સરખામણી કરશો તો મને બાતરી છે કે મારું કહેવું આપને બરોબર સાચું માલમ પડશે.

પ્ર. ટે. આપને એક દાખલો આપું : મુંબઈમાં શ્રી વીર જૈન કાઠિયાવાડ પાઠશાળા નામની એક સંસ્થા છે તેની રૂા. ૭૦૦૦૦ ની મૂડીમાંથી રૂા. ૫૭૦૦૦ જેટલી મોટી રકમ બાનગી પેઢીમાં રોકવામાં આવેલ છે.

ક. લા. મને લાગે છે કે આ સંબંધમાં યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી થાય છે તે આપે નક્કી કરવું જોઇએ અને આમાંના કેટલા ટકા બાનગી પેઢીમાં રોકાયેલા છે, તેની તારવણી કરવી જોઇએ.

પ્ર. ટે. આપની વાત બરોબર છે, અને આને લગતી હકીકતો સરકારી દફતરમાંથી એકઠી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને તે ઉપરથી સત્ય શું છે તે માલૂમ પડશે, પણ બાનગી પેઢીમાં પૈસા રોકવા એ ધર્મ્ય હોવા યોગ્ય પદ્ધતિ નથી એમ તો આપ માનો છો ને ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક. લા. એ ચોક્કસ અનિચ્છનીય પદ્ધતિ છે.

પ્ર. ટે. હવે એક બીજા પ્રકારના રોકાણનો વિચાર કરીએ કે જે માત્ર જૈન ચેરીટીઓમાં જ જોવામાં આવે છે. આ રોકાણ સોના ચાંદીને લગતું છે. આ પ્રકારનું નાણાનું રોકાણ આપને યોગ્ય લાગે છે ?

ક. લા. મને લાગે છે કે આવું રોકાણ ઈચ્છવા યોગ્ય છે. સંભવ છે કે બીજી કમીટી મારફત તમારી કમીટી એમ સુચવે કે ટ્રસ્ટના ફંડો સરકારી કાગળિયામાં જ રોકવા જોઈએ. પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન આપણે બધા જાણીએ છીએ તે રીતે સાડા ત્રણ ટકાની સોનું રૂપિયાની સોનાનો ભાવ ૪૭ ટકા ઊતરી ગયો હતો અને પછના ભાવમાં વેચાણો હતી. ગવર્મેંટ સીકયુરીટીમાં જે લાખોની સંખ્યામાં આવું નાણું રોકાયેલું હતું તેને કેટલી ખોટ આવી હશે તે આપ સહજ કલ્પી શકશો. બધું નાણું એક જ ઠેકાણે રોકવું એ ડહાપણ ભર્યું નથી. આ રીતે સરકારી કાગળિયાની ગમે તેટલી સહ્દર સ્થિતિ હોય, તો પણ તેમાં બધું નાણું રોકવું તે ડહાપણ ભર્યું નથી. જર્મની અને ફ્રાન્સમાં શું બન્યું, એ પણ આપણે જાણીએ છીએ, તેથી ટ્રસ્ટફંડનો અમુક ભાગ સોના ચાંદીમાં રોકવામાં આવે એ જરૂર ડહાપણભર્યું છે. વિશેષમાં અમે જે કાંઈ સોના ચાંદીમાં રોકાણ કરીએ છીએ, તે કોઈ ધંધાના હેતુથી કરતા નથી. અમોએ કરેલા સોના ચાંદીની ખરીદીનો મોટો ભાગ કાંઈ મોટી કિંમત ચાપીને ખરીદાયો નથી. જ્યારે ચાંદીનો ભાવ ૪૦ થી ૫૦ ની આસપાસનો હતો અને સોનું ૨૫ થી ૩૦ ની આસપાસનું હતું ત્યારે જ આવી ખરીદી કરવામાં આવી હતી. તેથી જો ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકનાં નાણાં સોના ચાંદીમાં રોક્યા હોય તો તે સંબંધમાં તેમને કોઈ પણ પ્રકારનો દોષ દેવો યોગ્ય નથી એમ મને લાગે છે. તેમણે બરોબર જ કર્યું છે એમ મારે કહેવું જોઈએ.

પ્ર. ટે : મને એડવોકેટ જનરલે હજુ હમણાં જ જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલાં તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી એક યોજના (Scheme) માં આજના ભાવે સોનું ખરીદવાની માગણી કરવામાં આવી હતી. જ્યારે સોના ચાંદીના ભાવ બહુ નીચા હતા ત્યારે આવાં રોકાણ કરવામાં આવતાં હતાં એમ નથી. આજના ઊંચા ભાવોમાં પણ તેઓ આવાં રોકાણ કરવા માંગે છે. એક બીજી બાબત એ છે કે સોના ચાંદીમાંથી કાંઈ નિષ્પન્ન તો થતું જ નથી.

ક. લા : એ હું કબૂલ કરું છું.

પ્ર. ટે : તો પછી ટ્રસ્ટફંડોમાંથી વ્યાજની રીતે પણ કાંઈક દ્રવ્ય ઉત્પન્ન થવું જોઈએ, એ જરૂરી નથી ?

ક. લા : નાણામાંથી વ્યાજ ઉત્પન્ન થવું જોઈએ એ બરાબર છે, પણ એથી વધારે અગત્યની બાબત તો મૂડીની સહીસલામતીને લગતી છે. નાનું સરખું વ્યાજ કમાવા જતાં પણ આપણી મૂડીને ધસારો ન લાગે, એ આપણે ખાસ જોવું જોઈએ.

પ્ર. ટે : મૂડીનો હેતુ શું છે ? જો એમાંથી કાંઈ પેદા ન થાય તો અમારી પાસે આટલી મુડી છે એટલા સંતોષ ખાતર જ આપણે મૂડી ભેગી કરવી એમ ?

ક. લા : અમારી પાસેનાં નાણાંની અમને કઈ રીતની જરૂરીઆત છે, તે હું આપને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમજવું. કોઈ પણ ચોક્કસ હેતુ માટે બાજુએ રાખી મૂકેલાં નાણાં નકામાં પડી રહ્યાં છે એમ આપને લાગતું હશે, પણ એ બરાબર નથી. આપને એક દાખલો આપું. આબુ પર્વત ઉપર અમારાં અમૂલ્ય મંદિરો છે. મંદિરો ૧૦૪૧ ની સાલમાં બંધાયાં હતાં. આ અમારો ૯૦૦ વર્ષનો વારસો છે. એના સમારકામ પાછળ અમે આજ સુધીમાં બહુ નાણું ખરચ્યું નથી. પણ હવે એવો વખત આવ્યો છે કે તેના જીર્ણોદ્ધાર પાછળ અમારે એક બહુ મોટી રકમ ખરચવી જોઈએ. હમણાં જ મુંબઇથી અમે કેટલાક જાણીતા શિલ્પશાસ્ત્રીઓને ત્યાં લઈ ગયા હતા અને પ્રસ્તુત જીર્ણોદ્ધારનો બાવીશ લાખ રૂપીઆ ખર્ચ આવશે એવો તેમણે અભિપ્રાય કાઢી આપ્યો હતો. આ કોઇ એવી નાની સૂની રકમ નથી કે જે મુંબઈ, અમદાવાદ કે કોઈ પણ અન્ય સ્થળેથી એકાએક પેદા કરી શકાય. અમારી પાસેના ટ્રસ્ટ ફંડોમાંથી જ આની સગવડ ઉતારવી જોઇએ અને દર વર્ષે આવા હેતુ માટે જો અમે અમુક રકમ અલગ કાઢી હોય તો એ ઉપરથી એમ કહી નહિ શકાય કે આ મૂકી કેવળ નકામી પડી રહી છે. આબુનાં મંદિરો પૂરતું હું એમ કહેવાને તૈયાર છું કે શિલ્પના વિષયમાં દુનિયામાં તેનો કોઈ જોટો નથી, અને તેથી જ અમારાથી બને તે રીતે આ ખજાનાને જાળવી રાખવો તે અમારો ધર્મ થઈ પડે છે. ૯૦૦ વર્ષ પહેલાં જે પથ્થર વાપરવામાં આવ્યો હતો એ જ પથ્થર અમારે વાપરવો રહ્યો અને જે રીતની કોતરણી કરવામાં આવી હતી એ જ રીતની કોતરણી આજે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં નવી કરવાની રહી અને મૂળનો ઉદાર આભેહૂબ જળવાઈ રહે એ અમારે જોવું રહ્યું. એ દિવસોમાં દમીઆના એક આના કે અરધા આનામાં કડીઓ મળતો હતો. પણ આજે તે કરતાં વીસ કે ત્રીસ ગણા દામ કડીઆને આપવા પડે છે. સુતાર સંબંધમાં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. આ બધી હકીકતો ધ્યાનમાં લેતાં જૈન મંદિરનાં નાણાં નકામાં પડી રહે છે, એમ કહેવું યોગ્ય નથી.

પ્ર. ટે : મંદિરના જીર્ણોદ્ધાર માટે જુદાં કરવામાં આવેલાં નાણાં તે હેતુ માટે વપરાય છે ખરા કે ?

ક. લા : હા જી. હું એક નહિ પણ સેંકડો દેરાસરોના દાખલા ટાંકી શકું તેમ છું કે જેમણે પોતાનાં નાણાંનો જીર્ણોદ્ધારના કાર્યોમાં ઉપયોગ કર્યો છે.

પ્ર. ટે : કી મતી મંદિરો ભવિષ્યમાં ઉત્તમ હાલતમાં રાખવા માટે બસારા ફંડ કે અનામત ફંડ રાખવું વધારે સારું ગણાય કે નહિ ? તમારી પાસે રૂ. ૮૦૦૦૦૦૦ નું ફંડ હોવાના સમયે તમો જીર્ણોદ્ધારના કામમાં રૂ. ૨૨૦૦૦૦૦ સુધીની રકમ વાપરી શકો તે જુદી વાત છે, પરંતુ ૨ કરોડ રૂપિયાનું ફંડ બીજું કરીને તે રકમનું રોકાણ કરી તેના વ્યાજમાંથી પ્રસંગ ઉપસ્થિત થતાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો તે વધારે સારું ગણાય કે નહિ ?

ક. લા : જાહેબ, હું ખાસ કરીને શિલ્પકામમાં ખાસ રસ ધરાવું છું. મેં હિંદુ ધર્મનાં ઘણાંખરાં મંદિરો જોયાં છે. અને તે અંગે હું નમ્રતાપૂર્વક કમીટી સમક્ષ રજુ કરું છું કે જૈન દેરાસરોમાં જોવામાં આવતી શિલ્પ સમૃદ્ધિ અને કારીગરી કોઈ પણ હિંદુ મંદિરમાં દૃષ્ટિગોચર થતી નથી. ધાર્મિક દૃષ્ટિબિંદુ બાજુએ રાખીને પણ કમીટીએ આ અગત્યની બાજુને બહતું ધ્યાન આપવું ઘટે છે. જૈન મંદિરોની શિલ્પ સમૃદ્ધિનું વર્ણન કરવા બેસું તો પણ તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સચોટ ખ્યાલ આપી શકાશે નહીં. એટલા માટે કમીટીને હું એકાદ બે સ્થળોની મુલાકાત લેવાને વિનંતિ કરું છું. અમૂલ્ય શિલ્પ સમૃદ્ધિની જાળવણી બાબતમાં અમે તેટલી દલીલો કરવા કરતાં ઉપરોક્ત મુલાકાત જ તે બાબતની વધારે ખાતરી કરી આપશે. પાશ્ચિમાત્ય પ્રજાની માફક ડીમડીમ વગાડવાની આવી બાબતોમાં અમોને આદત જ નથી. ઇટાલીમાં આવેલ પીઝાના ઢળતા ટાવર સંબંધી આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ. પરંતુ અમદાવાદમાં આવેલ મીનારો કે જેના ઉપર ઊભા રહેવાથી તે ખરેખર ધ્રૂજતો હોવાનું માલમ પડે છે તેથી આપણે અજાણ છીએ. આનું કારણ એ છે કે, આપણને ઢોલ વગાડવાની આદત નથી. જૈન મંદિરોની શિલ્પ-સમૃદ્ધિનું સંપૂર્ણ વર્ણન કરવા કરતાં કમીટીને ત્રણ દિવસનો સમય ફાજલ પાડીને આબુનાં મંદિરો તથા રાણકપુરનાં મંદિરોની મુલાકાતે આવવા હું વિનંતિ કરીશ. કમીટીની તે મુલાકાતો તેમને જૈન મંદિરો શું છે તેનો સંપૂર્ણ ખ્યાલ આપશે. આવતા ૬-૮ મહિનામાં હું એક પુસ્તક બહાર પાડવા ધારું છું, જે આખા હિંદુસ્તાનના જૈન મંદિરો, જૈન ધર્મશાળાઓ તથા જૈનોની વસ્તી સંબંધી ખ્યાલ આપશે. કામળોનો આવશ્યક જથ્થો મળી રહેતાં તરત જ તે પુસ્તક પ્રગટ કરવામાં આવશે. આ દેશની જૂની શિલ્પકળાના અભ્યાસીને તે પુસ્તક ઘણું જ રસપ્રદ થઈ પડશે. ફરીથી એક વખત હું કમીટીને મેં ઉપર જણાવેલ બે સ્થળોની મુલાકાત લેવા ભારપૂર્વક વિનંતિ કરું છું અને તે મુજબ કરવામાં આવશે તો કમીટીએ જૈન મંદિરોને સ્પર્શ ન કરવો તે વધારે સારું છે તેવી દલીલ કરવાની મારે જરૂર નહીં રહે.

પ્ર. ટે. : આપને એવો ભય રાખવાની જરૂર નથી. જરૂરિયાત વિના જૈન મંદિરો સંબંધે અમે કશો પણ કાયદો કરવા માંગતા નથી. કોઇ પણ સંજોગોમાં મંદિરોની જરૂરિયાતો વણપૂરાયલી રહે એમ ઇચ્છતા નથી. મંદિરનાં નાણાં બ્યાજબી કામો માટે વપરાવાં ન જોઇએ, એવું પણ અમે સૂચવવા માંગતા નથી. કમીટી સામે એક જ મુદ્દો છે, અને તે એ છે કે—મંદિરની બધી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જો વધારાનું નાણું રહે તો એ નાણાંનો ઉપયોગ સામાજિક કાર્યો માટે કરવો જોઈએ કે નહિ ?

ક. લા. : હું એ દૃષ્ટિબિન્દુ બરોબર સમજી શકું છું, પણ હું નમ્રભાવે રજુ કરું છું કે જ્યાં સુધી કમીટી એક યા બે મંદિરોની મુલાકાત નહિ લે, ત્યાં સુધી જૈન મંદિરોની જરૂરિયાતો કેટલી છે તેનો કમીટીને પૂરો ખ્યાલ આવી શકશે નહિ.

પ્ર. ટે. : જૈન મંદિરની સુરક્ષાને લગતી બ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જૈન મંદિરો પાસે વધારાનું નાણું રહે છે કે નહિ એ પ્રશ્ન સાથે અમારે સીધી નિસબત છે.

ક. લા. હું આગળ વધીને કહું છું કે જૈન મંદિરોના જરૂરી સમારકામ માટે પણ અમારી પાસે પૂરતા પૈસા નથી.

પ્ર. ટે. : ઠીક, તો પછી વધારાનાં નાણાંનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ધાર્મિક સ્વભાવતોના બ્યાજબી થતા ખર્ચમાં અમો આડે આવવા માગતા નથી. પરંતુ જો ફાજલ નાણું હોય તો તે નાણું પ્રજાકીય ઉપયોગમાં વધારે સારી રીતે બચત કરી શકાય કે કેમ તે જાણવાની અમારી મુરાદ છે. ત્યારબાદ હું એમ પણ જાણવા માગું છું કે એક દેરાસરનું દ્રવ્ય બીજા દેરાસરોના ઉપયોગમાં વાપરી શકાય કે નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક. લા. પૂર્વે ઉપર જણાવ્યા મુજબ ઉપયોગ કરવામાં આવેલો છે.

પ્ર. ટે. આ અંગે જોઈતી માહીતી તમે પૂરી પાડી શકશો ?

ક. લા. હા જી.

પ્ર. ટે. : સોલાપુરના એક ગૃહસ્થ કે જે અખિલ હિંદ જૈન એસોસીએશનની મેનેજીંગ કમીટીના સભ્ય છે, તેમજ જૈન સાહિત્ય સેવા મંડળના પ્રમુખ છે, તેમણે કમીટી સમક્ષની તેમની જુબાનીમાં સુચવ્યું છે કે પ્રતિમાજીના આગળ ઘીના દીવા કરવાનું બંધ કરવું જોઈએ. આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ?

ક. લા. આ સૂચનનો હું વિરોધ કરું છું. કારણ કે તે પૂજાનું મહત્વનું અંગ છે. એકંદર ખર્ચને ધ્યાનમાં લેતા ઘીના દીવા અંગે થતું ખર્ચ એટલું બધું ઓછું છે કે જે ધ્યાનમાં ન લઈ શકાય. જો વાર્ષિક દસ લાખ રૂપિયા જેટલી રકમ આ અંગે ખર્ચાતી હોય અને કદાચ કમીટીએ આવી મોટી રકમનો વ્યર્થ વ્યય બંધ કરવા સૂચન કરેલ હોય તો તે સમજી શકાય તેમ છે. મારા મંતવ્ય પ્રમાણે કુલ ખર્ચના હિસાબે આ ખર્ચ તદ્દન નજીવો ગણાય અને તે તેથી કરીને બંધ કરી દેવો જોઈએ નહિ. વિશેષમાં મારા માનવા પ્રમાણે ઘીના દીવાઓ બધા જ મંદિરોમાં પ્રગટાવવામાં આવતા નથી. પરંતુ ફક્ત બહુ મોટા મંદિરોમાં જ પ્રગટાવાય છે.

પ્ર. ટે : તમારા મંતવ્ય પ્રમાણે આ ખર્ચ ઘણું જ નજીવું ગણાય.

ક. લા. જરૂર. તે નહિ જેવું નાનું ગણાય.

પ્ર. ટે. તમારા ચોપડામાં ખર્ચ અલગ બતાવવામાં આવે છે ?

ક. લા. આ બાબતમાં અમો કશો ખર્ચ કરતા નથી. મંદિરના ભક્તો તરફથી તે ઘણે અંશે પૂરું પાડવામાં આવે છે. વખતો વખત જે જાત્રાળુઓ દર્શનાર્થે આવે છે તેઓ આ અંગે નાણાં આપતા જાય છે. ખરી રીતે અમે આશરે બે લાખ રૂપિયાની જોગવાઈ કરીએ છીએ, જ્યારે અમારું વાસ્તવિક ખર્ચ ૮ થી ૯ લાખ રૂપિયા થાય છે. આ ખર્ચને શી રીતે પહોંચી વળવામાં આવે છે ? યાત્રાળુઓ યાત્રા કરીને જ્યારે નીચે ઊતરે છે, ત્યારે અમો તેમને કંકુક ભાતું આપીએ છીએ. યાત્રાળુઓ સવારે વહેલા પાંચ વાગે પર્વત ઉપર ચઢવાનું શરૂ કરે છે, અને લગભગ મધ્યાહ્ને તેઓ નીચે ઊતરી જાય છે તે વખતે અમે તેમને પૂરું જમણ આપતાં નથી, પરંતુ તેઓને ફક્ત થોડી મીઠાઈ અને સેવ આપીએ છીએ. આ અંગે અમે ઘણી જુજ રકમ ખર્ચ કરીએ છીએ. અને બાકીનો ખર્ચ યાત્રાળુઓ તરફથી મળી રહે છે.

પ્ર. ટે. : હું નથી માનતો કે યાત્રાળુઓને જમાડવામાં કોઈ જાતનો વાંધો હોય.

ક. લા. જમવાનો અર્થ બ્રાહ્મણો જેમ જમે છે તે અર્થમાં નથી. બ્રહ્મભોજન જેવી વસ્તુ જૈન શાસ્ત્રમાં નથી. અમારા ઉપવાસ ઘણા કડક પ્રકારના હોય છે. અત્યારના દિવસો અમારા ઓળીના દિવસો છે. તેમાં ઘી, માખણ, ફળફળાદિ કે તેવું બીજું કશું જ અમો લેતા નથી. પાણીમાં બાફેલું અનાજ અમો લઈ શકીએ છીએ. મારાં પત્ની આવા પ્રકારનું વ્રત આદરે છે, અને તે નવ દિવસ સુધી ચાલે છે. આવા વ્રતને આયંબિલ કહેવામાં આવે છે. આ અંગે અલગ મૂકવામાં આવેલ રકમો પૂરેપૂરી ખર્ચાઈ જતી નથી. કારણ કે ઘણા ઓછા માણસો આવું ઉગ્ર તપ આચરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્ર. ટે. : ઘણા માણસો આયંબિલ વ્રત અંગે દાન કરતા હશે અને તમારા કહેવા પ્રમાણે ઘણા ઓછા માણસો આવું ઉગ્ર તપ કરે છે. તો આ બાબતમાં ફાજલ પડેલ રકમનું શું થાય છે? આવું દ્રવ્ય તે દેવદ્રવ્ય તરીકે ગણાય કે?

ક. લા. સાહેબ, મને કહેવા દો કે અમારી પાસે એવું વધારાનું નાણું છે જ નહીં, કે જેનો ઉપયોગ ન થઈ શકે. અમારી જરૂરિયાત એટલી બધી વિશાળ છે કે જો કમીટી આંકડા અને હકીકત તપાસશે તો કમીટી પણ જે નિર્ણય ઉપર હું આવેલ છું તે નિર્ણય ઉપર આવશે. અમારે વધુ નાણાંની જરૂર છે. અમારે ઘણી વખત ઉધરાણાં પણ કરવા પડે છે.

પ્ર. ટે : આ ઉપરથી તમારું સમજવું એમ થાય છે કે તમારી પાસે તમારી જરૂરિયાતોને પહોંચી વળાય તેટલું ભંડોળ નથી.

ક. લા. હા.

પ્ર. ટે. જેની ગેરવ્યવસ્થા સાબિત થયેલ છે તેવા ધર્માદા ટ્રસ્ટોના સંચાલકો સામે કાયદેસર પગલાં લેવાય તેમાં તમને કંઈ વાંધો નહીં હોય.

ક. લા. જરૂર, મને તેમાં કાંઈ વાંધો નથી. ખરી રીતે કેટલાંક વર્ષો અગાઉ જ્યારે મુંબઈ સરકાર પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન બીલ લાવી ત્યારે મેં તેને સંમતી આપી હતી. ફઢીચુરત વિભાગ તરફથી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. અને તે બીલને ટેકો આપવામાં મારી ઉપર સખ્ત ટીકાઓ પણ કરવામાં આવી હતી. મેં તેમને જણાવ્યું હતું કે બીલના લાભો તરફ હું આંખમીચામણાં કરી શકું નહીં.

પ્ર. ટે. જૈન ટ્રસ્ટો બાબતમાં વર્ષ આખરે કંઈ પણ ફાજલ દ્રવ્ય રહે છે કે કેમ?

ક. લા. ઘણું કરીને નહીં.

પ્ર. ટે. ઉદાહરણ તરીકે હઠીસીંગના દેરાસરનું સરવૈયું લો, તેમાં રૂા. ૪૩૦૦૦ જણાવેલ છે, સદરહુ રકમ ખરું ફાજલ નાણું નથી? આ રકમનો શું ઉપયોગ થાય છે?

ક. લા. : સમય આવ્યે તે નાણાંનો ઉપયોગ થશે. તે મંદિર એક પ્રસિદ્ધ મંદિર છે અને શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ પણ તમને મળી આવશે. લોર્ડ રીડીંગ તથા બીજા વાઈસરોય સાહેબો જેઓ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા, તેઓ આ દેરાસરની મુલાકાત લેવાનું ભૂલ્યા નથી.

પ્ર. ટે : આ ઉપરથી એમ જણાય છે કે ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા ફાજલ નાણું સાચવી રાખવામાં આવે છે. આણંદજી કલ્યાણજીની પેઢી પણ તે જ સિદ્ધાંતોનું અનુસરણ કરે છે કે કેમ?

ક. લા. : જરૂર તેમજ છે. મારા કહેવાનો સમજ એ છે કે અમુક વખત સુધી ન વપરાયું હોય તેવું ફંડ હશે ખરું, પણ પ્રસંગ ઉપસ્થિત થયે તેનો અવશ્ય ઉપયોગ થશે. અમે કંઈ એકદું કરવાના શોખ ખાતર જ નાણું એકદું કરતા નથી. અમારે અમારો અમૂલ્ય ખજાનો નાશ અમર જીર્ણ થાય તે સામે સાવચેતી રાખવાની જરૂર છે. અમારા પૂર્વજોએ અમોને સોંપેલા અમૂલ્ય ખજાનાનું જતન કરવા અમો ફરજથી બંધાયેલા છીએ. હજાર હજાર પૃષ્ઠનાં ત્રણ પુસ્તકો જે હું પ્રગટ કરવા ધારું છું, તેમાં મેં અમારાં તમામ મંદિરો તથા તેમાં રહેલ શિલ્પકળાનો સમાવેશ કરેલ છે. આથી વિશેષ મારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કંઈ કહેવાનું નથી. પરંતુ કમીટીને મેં અગાઉ જણાવેલ એ સ્થળોની મુલાકાત લેવાની ફરીથી વિનંતી કરું છું. શોલાપુરની જુમ્મા મસ્જિદની મરામત અંગે જોઇતા દ્રવ્યની સરખામણી તાજ મહાલની મરામત અંગે જોઇતા વિપુલ દ્રવ્ય સામે કરી શકાય નહીં. એક બાજુ જુમ્મા મસ્જિદની મરામત પાછળ ૨–૩ લાખ રૂપિયા ખર્ચ થઈ રહે ત્યારે બીજી બાજુ તેટલી જ રકમ તાજમહાલની મરામત અંગે ઘણી ઓછી થઈ પડે.

પ્ર. ટે. : તમોએ કહ્યું કે એક જ ટોપલીમાં બધાં ઈંડાં ભરવા કરતાં સોનામાં નાણાનું રોકાણ કરવું તે એક સારી નીતિ છે. સમય જતાં એ નિર્વિવાદ છે કે સોના–ચાંદી મોટા પ્રમાણમાં એકઠાં થાય અને જ્યારે ભાવ ઊંચા ચઢે ત્યારે તે જથ્થો વેચવાને સાધારણ રીતે મન લલચાય.

ક. લા. : આ સંબંધમાં મારી સૂચના કમીટીને એ હોઈ શકે કે સમગ્ર ભંડોળના ૨૦ થી ૨૫ ટકા સોના ચાંદીમાં રોકવાની મંજૂરી હોવી જોઇએ. સોના ચાંદીની ખરીદી અંગે તમે નિમંત્રણ લાવી શકો, પરંતુ તેનો સંપૂર્ણ અટકાવ ન કરી શકાય.

મિ. પંડ્યા સ. : તમોએ જણાવેલ છે કે ટ્રસ્ટની ખાલી પડેલ જગ્યાએ ચાલુ ટ્રસ્ટીઓ બીજા ટ્રસ્ટીઓની નિમણુંક કરે છે, આ બાબતમાં ટ્રસ્ટીની પસંદગી કોણ કરે છે?

ક. લા. : જે ટ્રસ્ટીઓ ચાલુ હોય તેઓ.

સ૦ : કોઇ પણ બીજા સભ્યની કદી નિમણૂક કરવામાં આવી હોય તેવો કોઈ દાખલો છે?

ક. લા. : ના.

સ૦ : આર્થિક સદ્ધરતા બાજુએ રાખીને બીજા કોઈ સામાજિક કાર્યકરની નિમણૂક કરવામાં કદી આવેલ છે?

ક. લા. : ના

સ૦ : હું એમ માની લઉં છું કે ટ્રસ્ટીની પસંદગી કલમ ૯૨ મુજબ કરવામાં આવે છે.

ક. લા. ચોક્કસ તે મુજબ જ.

સ૦ : તાજાના મંડળો તરફથી નિમણૂક કરવામાં નહિ આવતી હોય. ફક્ત ચાલુ ટ્રસ્ટીઓમાંથી જ નિમણૂક કરી શકાતી હશે.

ક. લા. : હા તેમજ છે.

સ૦ : જૈન કોમનો કોઈ પણ સભ્ય આણંદજી કલ્યાણજીના હિસાબના ચોપડા તપાસી શકે છે?

ક. લા. : હા.

સ૦ : તે પ્રમાણે કરવા દેવામાં આવે છે?

ક. લા. : હા.

સ૦ : આણંદજી કલ્યાણજીના હસ્તક જેનો વહીવટ ચાલતો હોય તેવાં દેરાસરો ઉપર પેઢીની કેવા પ્રકારની દેખરેખ છે?

ક. લા. : અમો નીચે પ્રમાણે કરીએ છીએ. સમગ્ર વહીવટ ઘણો જ વ્યવસ્થિત ધોરણે ચલાવવાની અમારી મુરાદ છે. અમારી દેખરેખ નીચે ચાલતાં દેરાસરો જુદી જુદી જગ્યાએ આવેલ છે. નવું વરસ શરૂ થાય તે પહેલાં દરેક દેરાસરના ખર્ચનો અંદાજ (બજેટ) નક્કી કરવામાં આવે છે. દરેક દેરાસરનો મુખ્ય કારકુન પોતાના દેરાસર અંગે અંદાજ પત્રક તૈયાર કરે છે અને તેમાંથી આવતા વર્ષમાં તેટલી રકમ અમુક બાબતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખર્ચવા ધારે છે તેનો ઉલ્લેખ કરે છે. ધર્મશાળા અંગેના અંદાજ પત્રકમાં ધર્મશાળા અંગે તેમજ વાસણ ખરીદ અંગે તેટલો ખર્ચ કરવો જરૂરી છે, તેનો તેમાં ઉલ્લેખ કરે છે. વગેરે વ. આવા અંદાજ પત્રક અમદાવાદમાં નવ ટ્રસ્ટીઓની કમીટી સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ નવ ટ્રસ્ટીઓ ૨ કે ૩ સભ્યની પેટા કમીટી નીમે છે, જે કમીટી અંદાજપત્રકની એકેએક વિગત ઝીણવટથી તપાસે છે, અને જે બાબત તેમને વ્યાજબી ન જણાતી હોય તે અંદાજપત્રકમાંથી કાઢી નાંખે છે. ત્યારબાદ તે અંદાજપત્રક મંજૂર કરવામાં આવે છે અને હેડ કલાર્કને મંજૂર થયેલ અંદાજપત્રક મુજબ ખરચ કરવાની પરવાનગી મળે છે. અંદાજપત્રકમાં મંજૂર થયેલ ખરચવાની રકમ ઉપરાંત એક પાઇનું પણ ખર્ચ હેડ કલાર્ક કરી શકતો નથી. વહીવટદાર ટ્રસ્ટીઓ પૈકી કોઈ પણ બે ટ્રસ્ટીઓ પોતાની મુન્સરીથી રૂ. ૧૦૦ ઉપરાંતની રકમ ખરચ કરી શકતા નથી. ખરચની રકમ રૂ. ૧૦૦ ઉપર જવા સંભવ હોય તો તે માટે તેમણે આખી કમીટીની મંજૂરી મેળવવી પડે છે.

સ૦ : ધારો કે કોઈ દેરાસર તમારી મંજૂર કરવામાં આવેલ ખર્ચ ઉપરાંત વિશેષ રકમ ખરચે તો તેનું પરિણામ શું આવે?

ક. લા. : તે હેડ કલાર્કને બરતરફ કરવામાં આવે.

સ૦ : બરતરફ કરવાને તમોને સત્તા છે.

ક. લા. : અલબત્ત! એટલું જ નહીં પણ આણંદજી કલ્યાણજીની પેઢી એક દેખતી સંસ્થા છે, તે એવી સંસ્થા નથી કે જે વરસમાં એક જ વખત મળીને ફક્ત હિસાબ મંજૂર કરે.

સ૦ : હું જે જાણવા માગું છું, તે હકીકતને અનુલક્ષીને છે.

ક. લા. : હું તે સમજાવું છું અમો મહિનામાં બે વખત મળીએ છીએ. તમો જોશો કે છેલ્લા ૨૦, ૩૦ કે જેટલા વરસના તમારે જરૂર હોય તેટલા વર્ષથી મીટીંગોના હેવાલોની ચોપડીઓ રાખવામાં આવે છે. મીટીંગ બુકની અંદર દરેક નિર્ણયો લખી લેવામાં આવે છે. અમુક ખર્ચ મંજૂર કરવામાં આવે કે તરત જ તે તે દેરાસરના અધિકારીઓને તે બાબતની જાણ કરવામાં આવે છે. અંદાજ પત્રકમાં ખર્ચની રકમો મંજુર કરવામાં આવ્યા છતાં વર્ષ દરમ્યાન કોઈ અણધાર્યા સંયોગો ઊભા થાય તેવી બાબતમાં કોઈ પણ જાતની મંજૂરી ના હોય તો તે બાબતની અગર હેડ કલાર્ક ટ્રસ્ટીઓને અગાઉથી આપે છે. તે વસ્તુ કમીટી સમક્ષ રજૂ કરવામાં આવે છે. કમીટી તે માન્ય રાખે કે ના પણ રાખે. અને એ મુજબનો કમીટીનો નિર્ણય તે દેરાસરના અધિકારીઓને જણાવવામાં આવે છે.

સ૦ : તમોને બરતરફની સત્તા છે.

ક. લા. : જરૂર છે જ.

સ૦ : તમારા ધ્યાનમાં તમોને બરતરફી અંગે કાયદેસર રીતે હક્ક છે? હું દિલગીર છું કે મેં તમારું ધ્યાન વાંચેલ નથી, અને તેથી કરીને જ આ સવાલ પૂછું છું.

ક. લા. : તેઓ અમારા નોકરો છે. અને તેમને અમો છૂટા કરી શકીએ છીએ.

પ્ર. ટે. : જૈન સમાજમાં સમાન હેતુ ધરાવતી ઘણી ચેરીટીઓ હોવી જોઈએ. એ બધી ચેરીટીઓ એકમેક સાથે મળીને પોતાનો વહીવટ ચલાવે એમ આપ ઇચ્છો ખરા કે નહિ? દાખલા તરીકે અમદાવાદની શિક્ષણસંસ્થાઓ લ્યો. ઘણી જૈન સંસ્થાઓ પોત–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની રીતે કેળવણીનો પ્રચાર કરવા માટે જુદી જુદી રીતે કામ કરે છે. તે સંબંધી પરસ્પર સહકાર સાધીને કામ કરે એ વિચાર આપને સમંત છે કે નહિ ?

ક. લા. : ચોક્કસ સિદ્ધાંતો નક્કી કરીને સર્વ સામાન્ય કાર્ય પ્રવૃત્તિ નક્કી કરવામાં આવે એ હું જરૂર ઇચ્છું. પણ આ બધી સંસ્થાઓ સાથે મળીને કામ કરે તેની હું ચોક્કસપણે વિરુદ્ધ છું.

પ્ર. ટે. : આપ શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી.

ક. લા. : મારું કહેવું એમ છે કે પોતપોતાની સંસ્થાનો વહીવટ ચલાવવા માટે બધી સંસ્થાના કાર્યવાહકો એક સંમેલનના આકારમાં એકત્ર થાય અને ચોક્કસ સિદ્ધાંતો તારવી કાઢે, તો તે હું જરૂર પસંદ કરું. પણ બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એવું જો સૂચવવામાં આવતું હોત તો હું તેની તદ્દન વિરુદ્ધ છું.

પ્ર. ટે. : બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એમ હું કહેવા માંગતો નથી. એટલા માટે તો મેં સહકાર શબ્દ વાપર્યો હતો.

ક. લા. : હા જી. એ તો ઘણું ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : દેવદ્રવ્ય સંબંધમાં મારે પૂછવાનું છે કે તેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવા પાછળ જો કરવામાં આવે તો તેથી પણ તમારી કોમ નાખુશ થશે ?

ક. લા. : બહુ જ

પ્ર. ટે : દેવદ્રવ્યનો એ બાજબી ઉપયોગ ન ગણાય ?

ક. લા. : બિલકુલ નહિ. આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી જૈન ધર્મનું મંતવ્ય બીજા ધર્મો કરતાં બહુ જુદું છે. જૈન ધર્મના ધોરણે ચૈત્ય અને મૂર્તિ સૌથી પહેલાં આવે છે. અને તે જ્ઞાનથી તદ્દન જુદાં જ છે. જ્ઞાનખાતું પછી આવે છે અને ત્યારપછી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાનું ખાતું આવે છે. ચૈત્ય અને મૂર્તિ માટે નિર્માણ થયેલાં નાણા જ્ઞાન પાછળ ખર્ચાઈ શકાતા નથી અને જ્ઞાનનો અર્થ આજની સ્કુલ કે કોલેજમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે નથી.

પ્ર. ટે. : જ્ઞાન એટલે ધાર્મિક સાહિત્યનું શિક્ષણ એમ તમે કહેવા માગો છો ને ?

ક. લા. : હા જી.

પ્ર. ટે. : આ દેવદ્રવ્યનો ઉપયોગ કેળવણી અને એવી અન્ય સામાજિક પ્રવૃત્તિ પાછળ કરવાની હીલચાલ જૈનોમાં છેલ્લી પેઢી દરમ્યાન ચાલી રહી છે ખરી ?

ક. લા. : એવી કોઈ અગત્યની હીલચાલ ચાલી નથી. મારે એમ કહેવાનું છે કે પાંચ હજાર માણસો જો આ વિચારના હોય તો તેની વિરુદ્ધમાં પચાસ હજાર માણસો મળી આવશે. આ બાબત ઉપર તમે કહો તે શરત કરવા હું તૈયાર છું.

પ્ર. ટે. : આજે તો સાસરો સ્થિતિ ચુસ્ત હોય અને પુત્રવધૂ નવા જમાનાની હોઈ શકે છે.

ક. લા. : એ ઠીક છે. પુત્રવધૂને જે કરવું હોય તે ભલે કરે. તેને કોઈ અટકાવશે નહીં. પણ જો મારા પિતા ચોક્કસ હેતુ માટે અમુક રકમ મને આપી ગયા હોય, તો મારી પત્ની કે પુત્રવધૂને હાલે તેમ તે રકમનો ઉપયોગ કરવાનો હું રજા આપી નહીં શકું. તે નવા જમાનાના છે અમારા તો પોતે બહુ મોટું કામ કરી રહેલ છે અને તે માને છે એટલા ખાતર તે નાણાનો તેને અન્ય માર્ગે ઉપયોગ કરવા નહિ દઉં. કોઈ પણ કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા માટે કોઈ બીજાની મિલ્કત ઝૂંટવી લેવી ન જોઈએ. પણ તેણે પોતે જ તે માટે જરૂરી દ્રવ્ય પેદા કરવું જોઈએ.

સ૦ : તમને ધારાસભાના કામકાજ સંબંધી ઠીકઠીક અનુભવ છે.

ક. લા. : ના સાહેબ, હું માત્ર ત્રણ વરસ જ ત્યાં હતો.

સ૦ : હું ધારું છું કે મારા સવાલનો જવાબ આપવાને પૂરતું છે. કમીટી સમક્ષ બે સૂચનાઓ આવેલ છે જે મુજબ એક વ્યવસ્થાપક સંસ્થા ઊભી કરવી કે જે સરકાર તરફથી ધર્માદા સંસ્થાઓ ઉપર દેખરેખ રાખે. એક સૂચના એ છે કે બધી ધર્માદા સંસ્થાઓ પાસેથી અમુક રકમ ઉઘરાવવી, અને તેનું ફંડ ઊભું કરવું. એ ફંડમાંથી વહીવટ અંગે ખર્ચ નીભાવવો. બીજી સૂચના એવી છે કે તેને તેવી રીતે જુદું ફંડ કરવું નહીં. દર વર્ષે ધારાસભા સમક્ષ રજૂ કરવામાં આવતા બજેટમાં તેનો સમાવેશ કરવો. મને જે મુશ્કેલી લાગે છે તે આ છે. હું તે જાણવા માગું છું કે તે મુશ્કેલી મુદ્દાની છે કે કેમ? ધારો કે ધર્માદા ટ્રસ્ટોના વહીવટ માટેના ખર્ચની બાબત બજેટમાં હોય તો મને બીક લાગે છે કે તે કદાચ પક્ષીય નીતિઓનો ભોગ થાય અને પરિણામે આખી નીતિ ઊંધી વળી જાય અને સ્થિર બની શકે નહીં. તમને એમ લાગે છે કે મારી આ બીકમાં કંઈ વજૂદ છે.

ક. લા. : હા. હું જરૂર તેને સરકારી વહીવટનો ભોગ ન બનાવું. હું ટ્રસ્ટ ફંડો ઉપર થોડો કર નાંખી વહીવટ ચલાવું. આ બાબતમાં હું રજુ કરું છું અને તમારી કમીટી તે બાબત વિચાર કરે કે છેલ્લા પાંચ વરસના આંકડાઓ તમારી પાસે છે. અમુક રકમ ખર્ચ પણ થઈ ચૂકેલ છે. તેનું શું સારું અથવા ખરાબ પરિણામ આવ્યું તે નક્કી કરવું જોઇએ. જાહેર જનતાને કોઈ પણ જાતનો ખાસ લાભ થાય નહીં અને ટ્રસ્ટ ફંડો ઉપર બોજો વધે તેવા વહીવટી સંસ્થાઓ ઊભા કરવાનો કોઈ અર્થ નથી. છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન સરકાર તરફથી નિયુક્ત થયેલા વહીવટદારોને લાગ્યું છે કે તેઓ તેમના અંકુશવાળા વસ્તુસ્થિતિ સુધારી શકયા છે કે કેમ તે જાણી લેવું જોઇએ. બનવા જોગ છે કે મારી નાણા સ્થિતિ સહેજ હોય અને બીજાની તેવી ન પણ હોય. જો અંકુશ હોય તો સારી વાત છે. પરંતુ તેને અંગે થતું ખર્ચ ટ્રસ્ટ ફંડો ઉપર અંકુશ રાખવા માટે જરૂર હોય તેના કરતાં પ્રમાણ બહારનું ન હોવું જોઈએ.

સ૦ : સરકારી વહીવટી મંડળોના ન સરયાઓનો તમોને બહોળો અનુભવ છે. કમીટીને એક એવું પણ સૂચન કરવામાં આવ્યું છે કે એક ચેરીટીનો કમીશ્નર તથા ડેપ્યુટી કમીશ્નર તથા બીજા આસીસ્ટંટ કમીશ્નરો નીમવા જોઇએ. બીજી સૂચના એમ પણ કરવામાં આવી છે કે એક વ્યાક્તના હાથમાં સર્વ સત્તાનો લગામ સોંપવા કરતાં કાયદાનો અનુભવ ધરાવનારા તથા જે લોકોએ સાથેસાથે ઉચ્ચ અધિકારીઓ તરીકે કામ કર્યું હોય, તેવા એક કમીશ્નરનું બોર્ડ બનાવવું, જેનાં ઉચ્ચ અધિકાર ભોગવેલા તથા કાયદાના બહોળો અનુભવ ધરાવતા હોય તેવા વ્યાક્તઓનો તેમજ સારા વગમાંથી એક બે વ્યાક્તઓનો તેમજ એક બે સારા ગણાતા સામાજીક કાર્યકર્તાઓનો અને એક બે બાહોશ વકીલોનો સમાવેશ કરવો. તેઓ બધા એકત્ર થઈને સમયોચિત ચેરીટીઓના નિયમન અંગે છેલ્લો આખરી વ્યક્ત કરે. આમાંથી તમો શું પસંદ કરો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક. લા. : આવા ટ્રસ્ટોમાં સરકારની કોઈ મોટા પાયા ઉપરની દખલગીરીની હું ચોક્કસપણે વિરુદ્ધ છું. અમુક સ્વાર્થી માણસો ટ્રસ્ટોનો પોતાના સ્વાર્થની ખાતર દુરુપયોગ ન કરે એટલા પૂરતી દખલગીરી આવકારવાને હું તૈયાર છું. મદ્રાસની સરકારે કમીશ્નર નીમેલ છે અને બીજું પણ કેટલુંક કર્યું છે, તેથી મુંબઈ સરકારે પણ એ જ ધોરણે ચાલવું જોઇએ એ મારી દૃષ્ટિએ મોટી રીત છે. એક બીજી પણ સૂચના આપની કમીટી સમક્ષ હું રજુ કરવા માંગુ છું અને તે એ છે કે અમને જૈનોને હિંદુઓથી તદ્દન અલગ રાખવા જોઇએ, કારણ કે અમારા સિદ્ધાંતો અને હેતુઓ હિંદુઓથી તદ્દન જુદા છે. દેશના વધારે વિશાળ હિતો લક્ષમાં લઈને જૈનોના અલગ પ્રતિનિધિત્વ અને બેઠકો માટે અમે હીલચાલ કરી નથી એ કમનસીબીની વાત છે. તેથી જ આજે અમારા ઉપર જ્યાં ત્યાં હુમલા થઈ રહ્યા છે. જ્યારે પણ કાંઈ આવે છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે. અમારો ધર્મ, અમારા આચાર, અમારા વિચાર હિંદુઓના રીતરિવાજથી તદ્દન વિરુદ્ધ છે. હું એમ નથી કહેવા માગતો કે સામાજિક દૃષ્ટિએ અમારે અને હિંદુ વચ્ચે ભેદ છે, સિવાય કે કેટલાક હિંદુઓ માંસાહારી હોય છે, જ્યારે જૈનો બિલકુલ માંસાહારી હોતા નથી, પણ એ સિવાય ધાર્મિક રીતરિવાજ પૂરતા હિંદુ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. તમોએ આજે બીજી ચેરીટીઓને બાજુએ રાખી છે. પારસી પંચાયતોને અને તેના ટ્રસ્ટોને તમોએ બાકાત રાખ્યા છે, કારણ કે એ લોકો બહુ શક્તિશાળી છે, લાગવગ ધરાવે છે અને સરકાર તેને અડવા માગતી નથી. જ્યારે જ્યારે કાંઈ પણ કાયદો કરવાનો હોય છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે તે અમો જૈનોને ભારે અન્યાયકર્તા છે.

પ્ર. ટે. : આપ એમ કહેવા માગો છો કે જૈનો હિંદુઓથી એકદમ અલગ કોમ છે ?

ક. લા. : લગભગ એમ જ.

પ્ર. ટે. : તેમની સાથે એ જ રીતે વર્તાવ કરવામાં આવે એમ તમે ઇચ્છો છો ?

ક. લા. : જ્યાંસુધી ધર્મને લાગે વળગે છે ત્યાં સુધી એ પ્રમાણે જ થવું જોઇએ. અલબત્ત, અમોએ કોઈ સ્વતંત્ર પ્રતિનિધિત્વની માગણી કરી નથી.

પ્ર. ટે. : ધર્મની વાત બાજુએ રાખીએ તો પણ ચેરીટીઓ વિષે શું ? જૈનોને હિંદુ ચેરીટીઓના લાભથી મુકત કરવામાં આવે એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : નહિ સાહેબ, જાહેર ચેરીટીઓ પૂરતા તેમને બન્નેને એક ગણો તો મને વાંધો નથી. પણ જો એમ હોય તો પારસી અને મુસ્લિમ ચેરીટીઓને આપ અલગ કેમ રાખો છો ? તે હું સમજી શકતો નથી.

પ્ર ટે : હિંદુઓ અને પારસીઓ અથવા મુસલમાનો વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત હિંદુઓ અને જૈનો વચ્ચે છે એમ આપ ધારો છો ?

ક. લા. : એટલો બધો નહિ જ. એમ છતાં પણ જૈનો અને હિંદુઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે.

પ્ર. ટે. : તો પછી જૈનોને હિંદુ ચેરીટીઓનો લાભ મળવો ન જોઇએ એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આપ શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : કમીટીની દરેક બેઠક દરમ્યાન હું એમ માનીને ચાલતો હતો કે જૈનો હિંદુ સમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનો એક અંગભૂત વિભાગ છે. તેથી આપે હમણાં જે કહ્યું એથી મને ભારે વિસ્મય થયું છે. જૈનો હિંદુ કોમનો અંગભૂત-વિભાગ નથી, એવો જૈનોનો દાવો છે, એમ આપનું કહેવું હું સમજ્યો છું.

ક. લા. : સામાજિક રીતરિવાજ પૂરતાં જૈનો હિંદુઓના અંગભૂત છે, પણ ધાર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓને લાગે વળગે છે ત્યાં સુધી હું ભારપૂર્વક કરીને જણાવું છું કે જૈનો હિંદુઓથી તદ્દન અલગ છે.

પ્ર. ટે. : જૈન ધર્મ જુદો છે એ તો સ્વીકૃત છે.

ક. લા. : નહિ સાહેબ, એ સ્વીકારવામાં આવ્યું નથી. ધારો કે ધાર્મિક કમીશ્નરો હોવા જોઇએ, એમ તમારી કમીટી નક્કી કરે તો હિંદુઓના અન્ય વિભાગો માફક જૈનોને તે બાબત લાગુ પાડવામાં આવશે. જૈનોના રીતરિવાજ શું છે તેનો ખરો ખ્યાલ અન્ય વિભાગોના લોકોને હોવાનો જરા પણ સંભવ નથી. આ મારો મુદ્દો છે.

પ્ર. ટે. : મેં આપને કહ્યું તેમ ધર્મના રીતરિવાજોને લાગુ પડે એવું અમે કશું કરવા માગતા નથી.

ક. લા. : મારે એટલું જ જોઇએ છે.

પ્ર. ટે. : ધર્મના બધા રીતરિવાજોને પહોંચી વળવામાં આવે, ત્યાર બાદ જે કાંઈ વધારાનું નાણું રહે તેનો જ અમારે વિચાર કરવાનો છે. ધર્મ એ તદ્દન જુદો મુદ્દો છે. તે અમારા કમીટીના ક્ષેત્રની બહારની વાત છે.

સ૦ : એમ છતાં એકલો કમીશ્નર જોઇએ કે બોર્ડ તે બાબતનો આપનો જવાબ મારે જોઇએ છે.

ક. લા. : મુંબઈ ધારાસભાએ આ કાયદો ઘડ્યો છે. અને તેનો અમલ પાંચ સાત વરસથી ચાલે છે તેનો અભ્યાસ તમો કરો. તેના ઉપર આધાર રાખે એનું સૂચન કરું છું. પરિણામ જો સંતોષકારક ન હોય તો જ કાંઈ પગલું લેવાની આવશ્યકતા છે. પરિણામ જો સંતોષકારક હોય તો ટ્રસ્ટો ઉપર બિનજરૂરી બોજો પડે તેવાં ગમે તે સરકારો તંત્રને હું વખોડી કાઢું છું.

સ૦ : એક ક્ષણ માટે ધારી લો કે પરિણામ અસંતોષકારક છે ?

ક. લા. : તો જે વખતે જે પ્રશ્નો ઉપસ્થિત થાય તે માટે જ તે ધર્મોના જાહેર પ્રતિનિધિઓની મદદથી તે કરવા માટે એક અમલદારની નિમણૂક કરવી. તે બની શકે તેટલું સાદું હોવું જોઇએ.

ચી. ચ. શાહ : આ તપાસનો હેતુ જુદા જુદા ટ્રસ્ટો અને ચેરીટીઓના વહીવટોની દેખરેખ અને નિયંત્રણના ઉપાયો સૂચવવા એ છે. ધાર્મિક ટ્રસ્ટોનો આપણે પહેલો વિચાર કરીએ. આણંદજી કલ્યાણજીને બાદ કરતાં જૈનોની બીજી ધાર્મિક ચેરીટીઓનો પણ વહીવટ એટલો સારી રીતે ચાલે છે કે સરકારના કોઈ પણ નિયંત્રણની તેમને જરૂર નથી એમ આપ કહેવા માગો છો ને ?

ક. લા. : આનો જવાબ મેં આગળ આપી દીધેલ છે. તમો જણાવો છો તેવા દેખરેખ અને નિયંત્રણની જરૂર તો છે જ. એ ચેરીટીઓનો વહીવટ સારો ચાલતો હોય તો પણ તેના ઉપર કંઇક અંકુશ તો જોઇએ જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચી. ચ. શાહ : તો પછી જૈન ચેરીટીઓ ઉપર દેખરેખ રહી શકે એવા કાયદા સામે આપને વાંધો નથી. પ્રશ્ન તો આ નિયંત્રણ કેવું અને કેટલું હોવું જોઇએ, તેનો છે. દાખલા તરીકે પૂરવાર થયેલા ગેરવહીવટના કિસ્સામાં કમીશ્નરને જૂના ટ્રસ્ટીઓને કાઢી મૂકવાની અને નવા ટ્રસ્ટીઓ નીમવાની સત્તા હોવી જોઇએ એ આપને સંમત છે ?

ક. લા. : જરૂર. પૂરવાર થયેલા ગેરવહીવટમાં આમ કરવા સામે મને કોઈ વાંધો નથી.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો લઈએ. આપ તેનું વાર્ષિક બજેટ તૈયાર કરતા હશો. આ બજેટો ચેરીટી કમીશ્નર સમક્ષ રજૂ થાય, અને તેની મંજૂરી મળ્યે જ તેનો અમલ થઈ શકે એવા પ્રબંધને આપ સંમતી આપો કે ?

ક. લા. : ના સાહેબ. એ જાતની દખલગીરી હું પસંદ કરતો નથી. હું એમ કહેવા માગું છું કે જ્યાં સુધી જુદા જુદા ટ્રસ્ટો, જૈનોના હોય કે હિંદુઓના હોય, સારી રીતે ચાલતા હોય ત્યાં સુધી સરકાર તરફથી તેમાં કોઈ પણ જાતની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : ધારો કે અમુક ચોક્કસ હેતુ માટે આ વીસ લાખ રૂપિયા ખર્ચ કરવા માગે છે અને ચેરીટી કમીશ્નર માને કે ખોટો ખર્ચ છે. અને એવો ખર્ચ થવો ન જ જોઇએ એમ કહે, તો એવા સન્જોગોમાં ચેરીટી કમીશ્નરનું નિયંત્રણ હોવું જોઇએ એમ આપ પસંદ કરો કે ટ્રસ્ટીઓને જ આ બાબતમાં છેવટની સત્તા હોવી જોઇએ એમ આપ કહો છો ?

ક. લા. : જરૂર. આ બાબતમાં ટ્રસ્ટીઓને જ પૂરી સત્તા હોવી જોઇએ. ટ્રસ્ટીઓના કામ-કાજમાં ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઇએ. જ્યારે ગેરવહીવટ પૂરવાર થાય, ત્યારે જ સરકારે માથું મારવું જોઇએ. નહિ તો કોઈ પણ મંદિરના જીર્ણોદ્ધાર સાથે અથવા તો ધાર્મિક ક્રિયાકાંડ સાથે કયા પ્રકારની ધાર્મિક લાગણી જોડાયેલી છે તેનો કમીશ્નરને ખરો ખ્યાલ હોવા સંભવ નથી. અને તેથી તેના હાથે અન્યાય થવાનું જોખમ રહે છે.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો બાજુએ રાખીએ. ધારો કે મુંબઇના કોઈ પણ મંદિરના ટ્રસ્ટીઓ કોઈ નવું મંદિર બાંધવા માટે અથવા તો કોઈ જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવા માગે છે. આ બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ કે કેમ ?

ક. લા. : જીર્ણોદ્ધારની બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ. નવું મંદિર બાંધવા સંબંધમાં તમો કાંઇ બંધન મૂકો તો તેની સામે મને કોઈ પણ વાંધો નથી.

ચી. ચ. શાહ : આપ જીર્ણોદ્ધારનો અપવાદ શા માટે કરો છો ?

ક. લા. : આ બહુ અગત્યનો મુદ્દો છે. અને જે મંદિરોની સંભાળ લેવાની છે, તે એટલા મોટા અને ભવ્ય હોય છે કે આપે સૂચવેલ દખલગીરીથી કોઇ પણ અર્થ સરશે નહિ. પાંચસો રૂપિયાના પગારદાર કમીશ્નરને આ બાબતનો ખ્યાલ પણ શી રીતે આવવાનો છે ? હું કોઈ પણ જીર્ણોદ્ધારમાં પચીસ લાખ રૂપિયા ખર્ચવા માગું છું, એમ જો તે સાંભળે તો આ સાંભળી તેનું હૃદય ચાલતું બંધ થઇ જશે કે કેમ તેની મને ખબર નથી. તેથી આ બાબત ટ્રસ્ટીઓના અભિપ્રાય ઉપર સર્વાંશે છોડવી જોઇએ. અને સરકારની કોઈ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચી. ચ. શાહ : પાંચ લાખનો કરવા ધારેલો ખર્ચ કેવળ દુર્વ્યય પણ હોઈ શકે છે.

ક. લા. : આપ એમ કેમ કહી શકો ?

ચી. ચ. શાહ : તો પછી આ સબંધમાં કોર્ટ એક ચોક્કસ સરકારી વ્યવસ્થા હોય તે વધારે પસંદ કરવા યોગ્ય નથી ?

ક. લા. કોમની ધાર્મિક પ્રવૃત્તિમાં આ તો સીધી દખલગીરી ગણાય, અને તેનો તો વિરોધ જ કરવો જોઇએ.

ચી. ચ. શાહ : ટ્રસ્ટીની નિમણૂક કે ફેરબદલી એ દખલગીરી કહેવાય નહિ ?

ક. લા. : કોઇ પણ નાલાયક ટ્રસ્ટને દૂર કરીને તમો જાહેર ટ્રસ્ટોનું ઘણું ખરું રક્ષણ કરવા માગતા હો તો એ હોતે સરકારનો જે અધિકાર છે એ જ કાર્ય તમો કરી રહ્યા છો. પણ હું અમુક રકમ જીર્ણોદ્ધાર માટે ખરચવા માગું છું. તેની સરકાર પાસેથી મારે મંજૂરી મેળવવી જોઇએ, એમ જ્યારે તમો સૂચવો છો, ત્યારે મારા ધર્મના આચાર વ્યવહારમાં તમો એક રીતસરપણે દખલગીરી કરી રહ્યા છો એમ જ મારે કહેવું રહ્યું.

ચી. ચ. શાહ : એક બાજુને દબાવો જોઇએ. દરેક મંદિરમાં કરવામાં આવતાં ખર્ચો બે પ્રકારનાં હોય છે. નિત્ય અને નૈમિત્તિક. દરેક મોટા મંદિરના વહીવટકર્તાઓએ ચાલુ દૈનિક ખર્ચમાં તેમને કેટલી રકમ જોઇશે, અને વાર્ષિક ઉત્સવો પાછળ કેટલી રકમો જોઇશે, તેનું બજેટ કમીશ્નર પાસે રજૂ કરવું જોઇએ કે કમ ? એ સંબંધમાં આપ શું ધારો છો ?

ક. લા. : બીલકુલ નહિ.

ચી. ચ. શાહ : ધારો કે ટ્રસ્ટીઓ મોટી મોટી રકમો ખરચ્યે જાય છે, અને તે કેવળ નાણાંનો દુર્વ્યય છે, આવા કિસ્સામાં સરકાર તરફથી કોઇ પણ પ્રકારના નિયંત્રણને આપ સંમત ન કરો ?

ક. લા. : હું બીજા ધર્મ વિષે કશું પણ કહેવા માગતો નથી. એમણે શું કરવું કે એમના વિષે તમારે શું કરવું તે તેમણે અને તમારે વિચારવાનું છે. હું તો અહીંયાં જૈનોનો જ પક્ષ રજુ કરવા આવ્યો છું, અને જૈન ધર્મ કેમ ચાલે છે તે હું સમજું છું.

ચી. ચ. શાહ : જૈન ટ્રસ્ટો બહુ સારી રીતે ચાલે છે, તે હું જાણું છું.

ક. લા. : સાહેબ. એ હું જાણતો નથી, પણ હું આશા રાખું છું કે જૈન ટ્રસ્ટો સારી રીતે ચાલતાં હશે.

ચી. ચ. શાહ : જો આખી કોમ માટે એક નિયમ કરવામાં આવે તો જૈનોને તેમાંથી બાકાત રાખવામાં આવે તેમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આ બાબત વિષે મેં ખૂબ ભાર દઇને કહ્યું છે, કારણ કે જૈનોના ખ્યાલો અને રીતરિવાજો કેવળ ભિન્ન પ્રકારના છે. ટ્રસ્ટોની જ્યાં જ્યાં ગેરવ્યવસ્થા થતી હોય, ત્યાં તેના ઉપર જરૂર નિયંત્રણ મુકાવું જોઇએ. પણ ધાર્મિક રીતરિવાજના સંબંધમાં ટ્રસ્ટીઓ ઉપર કોઈ પણ પ્રકારનું નિયંત્રણ હોવું ન જ જોઇએ.

ચી. ચ. શાહ : જો નકામી બાબતો ઉપર પૈસા ખરચવામાં આવતા હોય તો તે ગેરવ્યવસ્થા ન ગણાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક. લા. : નકામું શેને ગણવું, તેને લગતો આપ મને એક દાખલો આપશો ? જેને નકામું કહેા છો તે શું તે મને સમજાવશો ? કોઇ પણ બાબતને નકામી કે કામની માની લેવા માટે કાંઇક ઘેારણ તેા જોઇશે જ. આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ તરફ નજર કરે. તે પેઢી કેટલાંયે મંદિરેા સંભાળે છે, અને તેનું વાર્ષિક બજેટ ૬ રૂપિયા ત્રણ લાખ લગભગનું હેાય છે, તે બજેટની વિગતમાંથી નકામી લેખી શકાય એવી એક પણ બાબત મને બતાવેા.

ચી. ચ. શાહ : મારેા આ પ્રશ્ન સામાન્યતઃ છે. આણંદજી કલ્યાણજીની પેઢીને ઉદ્દેશીને નથી.

ક. લા. : એ સબંધમાં મેં જણાવી દીધું છે, કે હું તેા અહીંયાં જૈનેા તરફથી રજુઆત કરવા આવ્યેા છું.

ધારપુરે : વિગતેા નક્કી કરવાનું કામ ટ્રસ્ટીઓ હરતક રહેવું જોઇએ, પણ વિગતેા નક્કી કર્યા બાદ તેના અમલમાં કાંઇ ભૂલ કે ભંગ થતેા હેાય, તેા સરકાર દખલગીરી કરે તેમાં આપને વાંધેા નથી એ પ્રકારની મારી સમજણ બરાબર છે ?

ક. લા. : જો કેાઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ચાલતી હેાય, તેા સરકાર ભલે દખલગીરી કરે.

ધારપુરે : ધારેા કે રોશની પાછળ કેટલા મણ તેલ વાપરવું, તે બાબત બજેટમાં નક્કી કરવામાં આવી છે, અને લગતી વિગતેા ટ્રસ્ટીઓએ નક્કી કરી હેાય, પણ વિગતના અમલમાં ગેરવ્યવસ્થા માલૂમ પડે તેા સરકાર વચ્ચે પડે કે નહિ ?

ક. લા. : નહિ સાહેબ. તેના અમલમાં એવી દખલગીરી થવી ન જોઇએ. જો કેાઈ પણ પ્રકારની ઉચાપત થતી હેાય, અથવા તેા કેાઇ વ્યક્તિ તેમાંથી અંગત લાભ ઉઠાવતી હેાય, તેા સરકાર જરૂર વચ્ચે પડે, પણ વિગતેાના ચાલુ અમલમાં કેાઈ પણ પ્રકારની દખલગીરી હેાવી ન જોઇએ.

સ૦ : ધારેા કે તમેાએ દેવ ઉપર ૧૦ શેર દૂધ ચઢાવવાનું નક્કી કર્યું છે, અને ધારેા કે દૂધ તેમને ચઢાવાતું નથી. તેા આ બાબતમાં સરકારને દરમ્યાનગીરી કરવા દેશેા ?

ક. લા. : ના સાહેબ. આ તેા સાવ નજીવી બાબત છે, અને તે એક એવી બાબત છે, કે જેમાં જો સરકાર આવી બાબતમાં દરમ્યાનગીરી કરવાનું શરૂ કરે તેા દુનિયામાં દરેક જગ્યાએ સરકાર અપ્રિય બની જાય.

સ૦ : વિગતેામાં નાહ ઊતરતાં ધારેા કે મંજૂર કરેલી ફરજ જો અદા કરવામાં નહિ આવે તેા તે કરાવવા માટે સરકારને દરમ્યાનગીરી કરવા દેા કે કેમ ?

ક. લા.: ઝીણી બાબતેામાં નહિ જ. નાણાની ઉચાપત કે કેવળ દુરુપયેાગ થયા રહ્યો હેાય એવા સંજોગેામાં જ. દાખલા તરીકે જૈનેામાં ભીક્ષા આપવાનેા કેાઇ રીતરિવાજ નથી. હવે ધારેા કે આણંદજી કલ્યાણજી રૂ. ૩૦૦૦૦ જેવી મેાટી રકમ આવતી કાલથી ભીક્ષા આપવા પાછળ ખરચવા માંડે છે. એ સંજોગેામાં સરકાર જરૂર વચ્ચે પડી શકે છે. અને કહી શકે આ તમારી સત્તાની બહારની વાત છે, એટલે આ અમે નહિ થવા દઇએ. સંક્ષેપમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હેાવી જોઇએ

સ૦ : ઉચાપત કે દુરુપયેાગ સિવાય બીજી કેાઇ પણ બાબતમાં સરકારી દખલગીરી ન હેાવી જોઇએ એવું મારું કહેવું ખરું છે ?

ક. લા. : તે ખરું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ૦ : અંદાજપત્રમાં મંજૂર કરવામાં આવેલી રકમ જો તમે ખર્ચો નહિ તો તે એક દુરુપયોગ લેખાય. મોટી અગર નાની બાબતના ભેદભાવ વગર તે એક પ્રકારનો દુરુપયોગ છે.

ક. લા. : મને એક વસ્તુ કહેવા દો કે, છેવટે સરકારી તંત્ર ટ્રસ્ટી મંડળ કરતાં વધારે કાર્ય કુશળ ન હોઈ શકે તમારા મંતવ્ય પ્રમાણે સરકારી તંત્ર વધારે શક્તિશાળી અને દેવી શક્તિ ધરાવનારાઓનું બનેલું હોય છે. છેવટે ટ્રસ્ટીઓની જવાબદારી તો રહેવી જ છે. અને તેમ છતાં તમોએ જણાવ્યું તે મુજબનું કાંઈ બને તો તમારા કમીશ્નરો ત્યાં છે.

સ૦ : કમીશ્નર આવી બાબતોમાં તેને સત્તા પ્રાપ્ત થયા સિવાય શી રીતે વચ્ચે પડી શકે? સરકારી દખલગીરીને તદ્દન વિરુદ્ધ હોવાનું તમો જણાવો છો.

ક. લા. : ઉચાપત અગર નાણાંના દુરુપયોગ અંગે સરકારની દરમ્યાનગીરી જો કરવામાં આવે તો તે મને માન્ય છે. પરંતુ નજીવી બાબતોમાં સરકારી દખલગીરી મને માન્ય નથી.

સ૦ : સંસ્થાઓના હિસાબ તપાસણી અંગે શું છે? સરકાર નિયુક્ત તપાસનીશો પાસે હિસાબ તપાસરાવવા તમે સંમત છો.

ક. લા. : ના હિસાબ તપાસવાનું કામ અમારા ઓડીટર્સ મારફત થવું જોઈએ. ગવર્નમેન્ટ ઓડીટરના રોકાણ અંગે અમારે રૂ. ૫૦૦ ના બદલે રૂ ૫૦૦૦ નો ખર્ચ વહોરવો પડે. આખી દુનિયામાં એ પુરવાર થયેલ છે કે સરકારી તંત્ર વધુ ખર્ચાળ હોય છે. છેવટે ચારટર્ડ એકાઉન્ટન્ટસ પણ સરકારી એકાઉન્ટન્ટસ છે. અને તમો તેમ સૂચવી શકો છો કે બધું હિસાબી કામ સરકારે મંજૂર કરેલાં એકાઉન્ટન્ટસ મારફત તપાસરાવવું જોઈએ. સરકારે મંજૂર કરેલા એકાઉન્ટન્ટસ ઘણી જવાબદાર વ્યક્તિઓ છે અને તે લોકો કંપનીઓના કરોડો રૂપિયાના હિસાબો તપાસે છે. આ તો ઘણી જ નાની રકમ છે. તમારી કમીટીએ સંતોષ રાખવો જોઈએ કે ચારટર્ડ એકાઉન્ટન્ટસની મારફત હિસાબની તપાસ થાય તો તે વધુ આવકારદાયક છે.

સ૦ : કમીટીને એવી સૂચના કરવામાં આવેલ છે કે ઓડીટરો પણ જાતજાતના હોય છે. અને ટ્રસ્ટીઓ પણ જાતજાતના હોય છે.

ક. લા. : ચારટર્ડ એકાઉન્ટન્ટસ સામે પગલાં લેવાનો સરકારને સંપૂર્ણ અધિકાર છે. તેમની નબળાઈની બાબતે સરકારી ઓડીટરનો બોજો ટ્રસ્ટીઓ પર ઉપર લાદવો તે વ્યાજબી ગણાશે નહિ.

પ્રશ્નકાર : ચીમનલાલ ચકુભાઈ શાહ

ચી. ચ. શાહ : એવી ફરિયાદ કરવામાં આવે છે કે હિંદુઓને લાગુ પડતા કાયદાઓ જૈનોને વિના કારણ લાગુ પાડવામાં આવે છે. આ સંબંધમાં અને ખાસ કરીને દેવદ્રવ્ય સંબંધમાં જે કાંઈ શાસ્ત્રીય ઉલ્લેખો હોય તે અમને જણાવવા કૃપા કરશો.

ક. લા. : હા જી, પ્રયત્ન કરીશ.

ચી. ચ. શાહ : ધારો કે એમ માની લઈએ કે દેવદ્રવ્ય । મંદિર અને મૂર્તિ સિવાયના કોઈ પણ કાર્યોમાં ઉપયોગ થવો ન જોઈએ એમ જૈન શાસ્ત્રો કહે છે, એમ છતાં પણ એવા ધાર્મિક ઉલ્લેખો બાજુએ રાખીને કાયદાથી એવી ગોઠવણ કરવામાં આવે કે જે કાંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધારાના નાણાં હોય, તે સામાજિક કાર્યોમાં વાપરવાં જોઇએ, તો એ યોગ્ય નહિ ગણાય? હરિજનો સંબંધમાં પણ ધાર્મિક પ્રતિબંધોની ઉપેક્ષા કરીને જ કાયદાથી તમને મંદિર પ્રવેશનો હક્ક આપવામાં આવ્યો છે એ આપ જાણો છો?

ક. લા. : સાહેબ, મારા અંગત અભિપ્રાય તરીકે હું એમ રજૂ કરવાની રજા લઉં છું કે દેશના સમગ્ર હિતની ખાતર હિંદુ અને જૈન સંસ્કૃતી જેવા છે તે જ સ્વરૂપે આપણે તેને જાળવવી જોઇએ અને એની સાથે આપણે કોઈ પણ જાતની રમત કરવી ન જોઇએ. તમે કહો છો તેનું પરિણામ તો જે ધાર્મિક ખ્યાલો અને માન્યતાઓ અમને છેલ્લા બે હજાર વર્ષથી વારસામાં મળ્યા છે તેની સાથે ખેલ ખેલવા જેવું આવે. અને એક વખત એ રીતનો વર્તાવ શરૂ કરવામાં આવે તો પછી એનો છેડો ક્યાં આવે તે કોઈ કહી શકે તેમ નથી. હું આ બાબતની મક્કમપણે વિરુદ્ધ છું.

ચી. ચ શાહ : દરેક સુધારા સામે શરૂઆતમાં તો વિરોધ હોય છે જ.

ક. લા : આ બાબતને સુધારો કહેવો એ બરોબર નથી, એમ મને લાગે છે. ટ્રસ્ટો ચોક્કસ હેતુ માટે ઊભા કરવામાં આવે છે અને તેની પાછળ ચોક્કસ ભાવના અને લાગણી હોય છે. એ ભાવ અને લાગણી ઉપર તમો એક વખત ફાવે તેમ પ્રહાર કરવા માંડશો, તો પછી ચેરીટીઓ માટે ફંડ મેળવવાનું મુશ્કેલ બની જશે.

ચી. ચ. શાહ : મદ્રાસ બાજુ આવેલા તીરૂપતિના મંદિરના વધારાના નાણાંમાંથી પાંચ મોટી શિક્ષણ સંસ્થાઓ આજે ચાલી રહી છે અને તે સંસ્થાઓમાં હિંદુ ન હોય તેમને પણ દાખલ કરવામાં આવે છે અને તેમ કરવાથી હિંદુ સંસ્કૃતિ કે ધર્મને કોઈ પણ પ્રકારનો ધક્કો લાગ્યો નથી. જૈનો આથી કોઈ અલગ પ્રકારના હોય એમ હું માનતો નથી.

ક. લા. તીરૂપતિ મંદિર વિષે મને કશી ખબર નથી.

ચી. ચ. શાહ : ચેરો ટેબલ ટ્રસ્ટમાં કેટલાક કેવળ ધાર્મિક હોય છે અને કેટલાક સામાજિક હોય છે. ધાર્મિક ટ્રસ્ટો સાથે ચોક્કસ પ્રકારની ભાવના અને લાગણી જોડાયેલા હોય છે એ હું કબૂલ કરું છું, પણ જેને આવી લાગણી કે ભાવના સાથે કશો સંબંધ નથી એવા શૈક્ષણિક વૈદકીય અથવા તો અન્ય પ્રકારના સંસ્થાઓને લગતા ટ્રસ્ટ સંબંધમાં ચેરીટી કમીશ્નરને વધારે સત્તા હોવી જોઇએ એમ આપ ઇચ્છો ખરા કે નહીં? આવા ટ્રસ્ટો સંબંધમાં બજેટ રજૂ કરવાની ફરજ પાડતી તેમજ ચાલુ હિસાબ પર દેખરેખ રાખવાની સત્તા ચેરીટી કમીશ્નરને હોવી જોઇએ એમાં આપ સંમત થાઓ છો કે નહીં?

ક. લા. : સરકાર અને સરકારી તંત્રની હું તો ઓછામાં ઓછી દખલગીરી પસંદ કરું. વધારે દખલગીરી દાખલ કરીને તમે લોકોને વધારે અને વધારે પાંગળા બનાવશો અને એ રીતે તમારા હાથે દેશની ચોક્કસ કુસેવા થવાની.

ચી. ચ. શાહ : પણ લોકો અથવા ટ્રસ્ટીઓ પર જ કેવળ આધાર રાખીને ચાલવાના તો ભયંકર પરિણામો આવ્યા છે.

ક. લા. : તે તો આંકડાઓ અને દાખલાઓથી પુરવાર થવું જોઇએ.

ત્યારબાદ કમીટીના પ્રમુખે આને લગતાં કોર્ટમાં જે સંખ્યાબંધ કેસો થાય છે તે તરફ શેઠ કરતુભાઈનું ધ્યાન ખેચ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચી. ચ. શાહ:-ઘણા મોટા વેપારીઓના ચોપડાઓમાં શુભ ખાતું એ નામનું ખાતું હોય છે. આ ખાતામાં દર્શાવેલી રકમના વહીવટ ઉપર કોઈ પણ જાતનું નિયંત્રણ હોવું આપ ઇષ્ટ ગણો છો ખરા ?

ક. લા.: જેવા તમો એમ કરવા લાગશો કે તુરત જ એ ખાતાઓ અદૃશ્ય થઈ જશે. આપે ઓછામાં ઓછી દખલગીરીના ધોરણે જ આ બધી બાબતોનો વિચાર કરવો જોઈએ.

ત્યારબાદ શ્રી. કસ્તુરભાઈએ આખી કમીટીને આબુ પર્વત તેમજ રાણકપુરની મુલાકાત લેવાની ફરીને વિનંતિ કરતાં જણાવ્યું હતું કે "એ પ્રવાસ ત્રણ દિવસમાં પૂરો કરી શકીએ. એમ કરવાથી આપ જાતે આ મંદિરોનો વહીવટ કેમ ચાલે છે તે જોઈ શકશો અને તેને સારી સ્થિતિમાં રાખવા માટે નાણાંની કેટલી જરૂર છે તેનો પણ આપ ખ્યાલ લઈ શકશો. કોઈ પણ જાતનો નિર્ણય લેવાયા પહેલા કમીટીએ આ સ્થળો જોવાં જોઈએ એમ હું ધારું છું અને જો એમ કરવામાં આવશે, તો જે વિચારો હું ધરાવું છું એ જ વિચારો પર આપની કમીટી વળશે એવી મને ખાતરી છે.

કમીટીના પ્રમુખે આ નિમંત્રણ બદ્દલ શેઠ કસ્તુરભાઈનો ઉપકાર માન્યો અને જુબાનીનું કામ પૂરું થયું.

ટેન્ડુલકર કમિટીની કામગીરી અંગે—

જૈન સંઘોના ઠરાવો

[ટેન્ડુલકર કમિટીએ જુદા જુદા સદ્‌ગૃહસ્થોની જુબાની લઇને ધર્માદા નાણાં અંગે મુંબઇ સરકારને ભલામણો રૂપે જે અહેવાલ તૈયાર કર્યા છે તે સંબંધમાં જૈન સંઘના દૃષ્ટિબિંદુ અંગે જુદા જુદા ગામોના જૈન સંઘોએ જે ઠરાવો પસાર કર્યા છે તે મળી શકયા છે તેટલા અહીં રજુ કરીએ છીએ. —તંત્રી]

અમદાવાદના જૈન શ્રીસંઘે સર્વાનુમતે પસાર કરેલા ઠરાવો

વિ. સં. ૨૦૦૪ ના જેઠ વદ પહેલી નોમ તા. ૩૦-૬-૪૮ ને બુધવારે સવારે ૯ા વાગે અમદાવાદના જૈનોના સકલ સંઘની સભા સંઘપતિ નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઇના પ્રમુખસ્થાને, શ્રી નગરશેઠના વડે મળી હતી. આ સભામાં સર્વાનુમતે નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા:—

પહેલો ઠરાવ : પ્રમુખસ્થાનેથી નીચે મુજબનો રજૂ કરાયો હતો:—"હિન્દુ તેમજ જૈન ધાર્મિક તથા સામાજિક કે સખાવતી ટ્રસ્ટો અને ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે મુંબઇ સરકારે જે કમિટી નીમી છે તેમની પાસે પડેલી શેઠ શ્રી કસ્તુરભાઇની જુબાની ઉપર પૂરતો વિચાર કરી, તે કમિટી જૈન ધાર્મિક ટ્રસ્ટો કે સખાવતી ફંડોનો ઉપયોગ જે નિમિત્તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વભાવતો કરવામાં આવી હોય તેની મર્યાદા બહાર ધાર્મિક અને નૈતિક રીતિએ ન થઈ શકતો હોવાથી, તેમાં સરકારી દરમિયાનગીરી કરવાની ભલામણ કરશે નહિ, એવી અમદાવાદના જૈનોના સકળ સંઘની મળેલી આ સભા આશા રાખે છે. અને ના. મુંબઈ સરકારને પણ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતા અબાધિત રાખવા અને તેમાં હસ્તક્ષેપ નહિ કરવા આ સભા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે."

બીજો ઠરાવ : શેઠ શ્રી ભગુભાઈ ચુનીલાલ સૂતરીઆએ રજૂ કરતાં તેને શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈએ અને શ્રીયુત ચન્દ્રકાન્ત વકીલે ટેકો આપ્યો. તે ઠરાવ નીચે મુજબ છેઃ—" જૈનો અને હિન્દુઓના કેટલાક સામાજિક રીતરિવાજોમાં સમાનતા હોવાથી અને ધાર્મિક હક્કો, સંરક્ષણના પ્રશ્નોની વિચારણાના પ્રસંગે પણ અમો જૈનોને હિન્દુઓના જ ભેગા ગણી લેવામાં આવે છે. અમો જૈનો અને હિન્દુઓના ધાર્મિક સિદ્ધાન્તો અને માન્યતાઓમાં ઘણું અંતર છે. આ સ્થિતિમાં અમોને હિન્દુઓના ભેગા ગણવાથી જૈન સંસ્કૃતિ અને હક્કોનું ઘણું નુકશાન થયું છે. જેથી અમદાવાદના જૈનોના સકળ સંઘની આ સભા ધાર્મિક અને તેવા પ્રકારની બાબતોમાં જૈનોને હિન્દુઓના ભેગા ન ગણવા, ના. સરકાર સમક્ષ નમ્રતા પૂર્વક માંગણી કરે છે."

ત્રીજો ઠરાવઃ શેઠ શ્રી બકુભાઈ મણિલાલે રજૂ કર્યો હતો અને તેને શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીઆએ ટેકો આપ્યો હતો. તે ઠરાવ નીચે મુજબનો છેઃ-"અગ્રગણ્ય જૈન આગેવાન અને શ્રીમાન્ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ પોતાની જુબાનીમાં પવિત્ર દેવદ્રવ્યના રક્ષણ માટે તથા વહીવટ વગેરે બાબતોમાં જૈન સિદ્ધાંત અનુસાર જે દાષ્ટાન્તો સ્પષ્ટ રીતિએ રજૂ કર્યા છે, તને શ્રીસંઘની આ સભા અનુમોદન આપવા સાથે અન્ય સ્થળોના શ્રીસંઘોને શેઠ શ્રી કસ્તુરભાઈની જુબાનીને અનુમોદન આપવા ભલામણ કરે છે અને શેઠ શ્રી કસ્તુરભાઈને હાર્દિક અભિનંદન આપે છે. તદુપરાન્ત કમિટી સમક્ષ બીજા જે જે ગૃહસ્થોએ જૈન સિદ્ધાન્ત અનુસાર જે જે વિચારો દર્શાવ્યા છે, તે માટે તેઓને અભિનંદન આપે છે."

આ પછી ચોથો ઠરાવ આજની સભાએ કરેલા સઘળાયે ઠરાવોની નકલો ઘટતાં સ્થળોએ મોકલી આપવાની અધ્યક્ષ શ્રી સંઘપતિને ભલામણ કરનારો અને પાંચમો ઠરાવ અધ્યક્ષશ્રીનો આભાર માનવા સંબંધીનો પસાર થયો હતો.

મુંબઇમાં જૈનોની જાહેર સભામાં પસાર થયેલા ઠરાવો

મુંબઈ સરકારે ઑન. જસ્ટીસ ટેન્ડુલકરના પ્રમુખસ્થાને હિંદુઓના ધાર્મિક ટ્રસ્ટો અને સંસ્થાઓની વ્યવસ્થાદિની તપાસ માટે નિમેલી કમિટીએ અખત્યાર કરેલી વલણ અને પદ્ધતિ અંગે વિરોધ દર્શાવવા અને ધાર્મિક ટ્રસ્ટો અને ફંડોના ઉદ્દેશાનુસાર થતા વહીવટમાં હસ્તક્ષેપ ન કરવા આગ્રહ કરવા માટે મુંબઈના જૈનોની એક જાહેર સભા રવિવાર તા. ૨૭ જુન ૧૯૪૮ ના રોજ સવારના સ્ટા. ટા. ૧૦ (૬૫) વાગે ભૂલેશ્વર ઉપર આવેલા શ્રી ભાલચન્દ્ર જૈન ઉપાશ્રયમાં શ્રીમાન શેઠ અમૃતલાલ કાલોદાસના પ્રમુખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાને નીચેના ગૃહસ્થોની સહીથી બોલાવવામાં આવી હતી. શેઠ માણેકલાલ ચુનીલાલ, કાંતિલાલ ઈશ્વરલાલ, પોપટલાલ ધારશીભાઈ, નગીનદાસ કરમચંદ, ભાઈચંદ નગીનભાઈ ઝવેરી, દેવજી ઠાકરશી મુલજી, રતિલાલ શાંતિદાસ, જીવતલાલ પ્રતાપશી, ધીરજલાલ જીવાભાઈ, મુલચંદ ખુલાખીદાસ, રમણલાલ લલ્લુભાઈ, ચંદ્રકાંત ઉજમશી, બાઉચંદ ગોપાલજી, ચંદુલાલ ખુશાલચંદ, વાડીલાલ જેઠાલાલ શાહ, જીવણલાલ લલ્લુભાઈ, રવજીભાઈ સોજપાળ, મેઘજીભાઈ સોજપાળ, દામજીભાઈ જેઠાભાઈ, મગનલાલ મુલચંદ શાહ, ચંદુલાલ વર્ધમાન શાહ, બેચરદાસ હરિચંદ કેશવલાલ વકીલ, ભાણજી ધરમશી શાપરીઆ, શાંતિલાલ મગનલાલ શાહ, શ્રેયાંસપ્રસાદ જૈન, પુનમચંદ ધર્મસીલાલ, હરજીવિંદદાસ જીવરાજ, જમનાદાસ મોનજી, પ્રેમચંદ ગોમાજી, નરોત્તમદાસ જેઠાભાઈ, જોહારમલ મોતીલાલ, કેશવલાલ મોહનલાલ ઝવેરી, ચીમનલાલ નેમચંદ શ્રોફ, ચીનુભાઈ લાલભાઈ શેઠ, મોહનલાલ તારાચંદ શાહ, ફકીરચંદ કેસરીચંદ શ્રોફ, મગનલાલ લાલજી, મણીલાલ મોહનલાલ હેમચંદ, શિવલાલ નરપતલાલ, કાલીદાસ હરજીવન, કાંતિલાલ નાનાલાલ, અમૃતલાલ કાલીદાસ દોશી, દામોદરદાસ કરસનદાસ, પ્રેમજી નામરદાસ, લલ્લુભાઈ કરમચંદ, હાથીભાઈ મલાલચંદ અને લક્ષ્મીચંદ ગુલાબચંદ ઝવેરી.

આ સભામાં જૈન ભાઈ-બહેનોની ઘણી મોટી સંખ્યામાં હાજરી હતી. શરૂઆતમાં શ્રી મગનલાલ મૂળચંદ શાહે શ્રી ટેન્ડુલકર સમિતની નિમણૂંકનો હેતુ વગેરે જણાવ્યું હતું અને એ વાત ઉપર ભાર મૂકયો હતો કે-"આપણાં દેવદ્રવ્યનાં નાણાંનો કોઈ બીજી રીતે ઉપયોગ કરવાનું કહેવામાં આવે તે સામે આપણો સખ્ત વાંધો છે. એ સિદ્ધાન્ત અંગે ભૂતકાળમાં પ્રીવ્હી કાઉન્સીલ સુધી કેસો લડાયા છે અને માનનીય ધારાશાસ્ત્રી ડો. એમ. આર. જયકરે પણ એ અંગે અભિપ્રાય આપ્યો છે કે-ટ્રસ્ટોનાં નાણાં કેવી રીતે ખર્ચવાં તેમાં હસ્તક્ષેપ કરવાનો સરકારને જરાયે હક્ક નથી." વગેરે.

પહેલો ઠરાવ: આ પછી શ્રી શાન્તિલાલ મગનલાલ શાહે એવો ઠરાવ રજૂ કર્યો હતો કે-"હિન્દુ તેમજ જૈન ધાર્મિક અને સામાજિક સંસ્થાવતી ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે મુંબઈ સરકારે જે કમિટી નીમી છે તે કમિટી મજકુર તપાસના પરિણામે પોતાની ભલામણોમાં જે નિમિત્તે સંસ્થાવતો કરવામાં આવી હોય તો તેની મર્યાદામાં ફેરફાર કરવા અને તે બીજી રીતે ખર્ચવા એવી કોઈ પણ ભલામણ કરે તો તે તરફ મુંબઈના જૈનોની આ જાહેર સભા પોતાનો સખ્ત અણગમો અને વિરોધ જાહેર કરે છે,"

આ ઠરાવને શ્રી મનસુખલાલ હીરાલાલ ઝાલને અને શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિઆએ ટેકો આપ્યા બાદ માત્ર એક વિરુદ્ધ મતે ઠરાવ પસાર થયો હતો.

બીજો ઠરાવ: પહેલો ઠરાવ પસાર થયા પછી શેઠ જીવતલાલ પ્રતાપસીએ એવો બીજો ઠરાવ રજૂ કર્યો હતો કે-"ટેન્ડુલકર કમીટી સમક્ષ જે જુબાનીઓ રજૂ થઈ તેમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને જાણીતા જૈન ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ જૈન સિદ્ધાન્તાનુસાર જુબાનીમાં જે દૃષ્ટિબિન્દુઓ રજૂ કર્યાં છે, તેને આ સભા અનુમોદન આપે છે. તેઓશ્રીની જુબાની પરથી તેમનામાં રહેલી ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સમાજ પ્રત્યેની અનુપમ ઊંડી ભાવના તરી આવે છે, એટલું જ નહિ પણ સમાજને તે માર્ગદર્શન રૂપ છે. તે માટે આ સભા તેઓશ્રીને હાર્દિક અભિનંદન આપે છે. તદુપરાંત, બીજા જે ગૃહસ્થોએ પોતાની જુબાનીમાં જૈન સિદ્ધાંતોના પ્રતિપાદન માટે જે જે વિચારો રજૂ કર્યા છે, તે માટે તેઓને પણ અભિનંદન આપે છે."

આ ઠરાવને શ્રી શિવલાલ નરપતલાલ મણીયાર તથા શ્રી. સુરચંદ પી. બદામીએ ટેકો આપ્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્રીજો ઠરાવ–આ પછી શેઠ રમણલાલ દલસુખભાઇએ ત્રીજો ઠરાવ રજૂ કર્યો હતો કે–" જૈનોની આ જાહેર સભા ઉપરોક્ત ઠરાવો અંગે ઘટતી સર્વ કાર્યવાહી કરવા નીચેની સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નિયુક્ત કરે છે. શેઠ અમૃતલાલ કાળીદાસ (ચેરમેન) તથા શેઠ કાંતિલાલ પ્રભુદાસ, શેઠ અમૃતલાલ કાળીદાસ દોસી, શેઠ રવજીભાઇ સોજપાલ, શેઠ મેઘજીભાઇ સોજપાલ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ નરોત્તમ જેઠાભાઇ, શેઠ મગનલાલ મૂળચંદ શાહ, શેઠ રમણલાલ દલસુખભાઇ, શેઠ સુરચંદ પી. બદામી, શેઠ શાન્તિલાલ એમ. શાહ, શેઠ મોતીચંદ ગિ. કાપડીયા, શેઠ ભાઇચંદ ન. ઝવેરી (સભ્યો) તથા શેઠ દામજીભાઇ જેઠાભાઇ જે. પી. અને શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર (મંત્રીઓ)"

ઉપરનો ઠરાવ, શ્રી મણિલાલ મોહનલાલના અને શ્રી ભાઇચંદ નગીનભાઇના ટેકા પછી સર્વાનુમતે પસાર થયો હતો. બાદ પ્રમુખશ્રીના પ્રાસંગિક વિવેચન તથા આભાર બાદ સભા વિસર્જન થઇ હતી.

ભાવનગરના જૈનોએ પસાર કરેલ ઠરાવ–શ્રી જૈન આત્માનંદ સભાએ આ પ્રશ્ન ની વિચારણા કરી ઠરાવ કર્યો છે તેનો સાર એ છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રીયુત કસ્તુરભાઇ લાલભાઇએ ટેન્ડુલકર કમીટી સમક્ષ દેવદ્રવ્ય આદિ બાબતમાં પોતાના જે ધાર્મિક વિચારો દર્શાવ્યા છે એને આ સભા અનુમોદન આપે છે. અને શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, જૈન. શ્વે. કો. ના સેક્રેટરી શેઠ દામજી જેઠાભાઇ, શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી વગેરેએ ધાર્મિક દ્રવ્યના રક્ષણ માટે જે જુબાની આપી છે તેને આ સભા આવકારે છે.

જુનાગઢના જૈનોએ પસાર કરેલ ઠરાવ–તા. ૨૮–૬–૧૯૪૮ સોમવારે શ્રી જૈન ધર્મ આરાધક સમાજની સામાન્ય સભા મળતાં નીચેનો ઠરાવ કરવામાં આવેલ.

" હાલમાં મુંબઇ સરકારે ધર્માદા પબ્લિક ટ્રસ્ટોની તપાસ અર્થે નીમેલ શ્રી ટેંડુલકર કમીટી સમક્ષ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાનીને પોતાની અનુમતિ હોવાનું આ સભા સહર્ષ જાહેર કરે છે અને પ્રસ્તુત જુબાની આપવા બદલ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇને આ સભા અંતરના અભિનંદન પાઠવે છે. "

આમોદના જૈનોએ પસાર કરેલ ઠરાવ–શ્રી જૈન યુવક મંડળના આશ્રયે પૂજ્ય મુનિ હિવિજય મહારાજના પ્રમુખપણા નીચે પંચની ધર્મશાળા પર તા. ૪–૭–૪૮ ને રવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વારે સવારના ૯-૩૦ વાગે આમોદ જૈન સંઘની મળેલી જાહેર સભાએ નીચેની મતલબના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા છે. શ્રી ટેકુલકર કમીટી સમક્ષ શેઠ કસ્તુરભાઈ ની જુબાની મુજબ ધાર્મિક ટ્રસ્ટો કે સખાવતી ફંડોનો ઉપયોગ જે નિમિત્તે સખાવતો કરવામાં આવી હોય તેની મર્યાદા બહાર ધાર્મિક અને નૈતિક રીતિએ ન થઈ શકતો હોવાથી તેમાં સરકારી દરમીયાનગીરી કરવાની ભલામણ કરશે નહી એવી આમોદના જૈન સંઘની મળેલી આ સભા આશા રાખે છે અને મુંબઈ સરકારને પણ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતાને અબાધિત રાખવા અને તેમાં હસ્તક્ષેપ નહિ કરવા આ સભા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

જૈનો અને હિંદુઓના કેટલાક સામાજિક રીતરિવાજોમાં સમાનતા હોવાથી ધાર્મિક હકો અને સંરક્ષણના પ્રશ્નોની વિચારણાના પ્રસંગે પણ જૈનોને હિંદુ ભેગા ગણી લેવામાં આવે છે અને હિંદુઓના ધાર્મિક સિદ્ધાંતો અને માન્યતાઓમાં ઘણું અંતર છે. આ સ્થિતિમાં હિંદુઓ ભેગા ગણવામાં જૈન સંસ્કૃતિ અને હકોને ઘણું નુકસાન થયું છે, જેથી આમોદના જૈનોની સકળ સંઘની આ સભા ધાર્મિક અને તેવા પ્રકારની બાબતોમાં જૈનોને હિંદુઓ ભેગા ન ગણવા સરકાર સમક્ષ નમ્રતાપૂર્વક માગણી કરે છે

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ શ્રી ટેકુલકર કમીટી સમક્ષ પોતાની જુબાનીમાં પવિત્ર દેવદ્રવ્યના રક્ષણ માટે તથા વહીવટ વગેરે બાબતોમાં જૈન સિદ્ધાંત અનુસાર જે ડાયરેક્શનો રજૂ કર્યાં છે તેને શ્રી સંઘની આ સભા અનુમોદન આપે છે.

મહેસાણાના જૈનોએ પસાર કરેલ ઠરાવ–જેઠ વ. ૧૧ શનિવારે મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી–(ત્રિપુટી) ના અધ્યક્ષપણા નીચે મુનિશ્રી રવિસાગરજી મહારાજની જયન્તી ઉજવવા માટે સભા મળી તે અંગે પ્રાસંગિક વિવેચનો કરવામાં આવ્યા બાદ પ્રમુખશ્રીએ ટેકુલકર કમિટી, ધાર્મિક ખાતાઓ અને કમિટીની ભવિષ્યમાં ધાર્મિક ખાતાઓમાં દખલ કરવાની ભાવના વગેરે બાબતો ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતા.

(૧) આજના શ્રીસંઘની સભા, સરકાર ટેન્કુલકર કમિટીદ્વારા અમારા ધાર્મિક ખાતાઓમાં વિના કારણે દખલ કરવાનો જે પ્રયત્ન કરે છે તેનો સખ્ત વિરોધ કરે છે. અને પ્રજાતંત્રવાદી સરકારના આ કાર્યને સખ્ત રીતે વખોડી કાઢે છે

(૨) શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ કમિટી સમક્ષ જે જુબાની આપી જૈન સંઘના સંરક્ષણ માટે જે દલીલો પૂર્વક જવાબ આપ્યો છે, તેને અભિનંદન આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી
સમૃદ્ધ અંક : મૂલ્ય ૭ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન
ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી
સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના
જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી
અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઇલો

શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દસમા,
અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે.
મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

— લખો —

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ કોસરોડ.
પો. મો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશક:-ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય. જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

For Private And Personal Use Only